
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૬ || અંક: ૨ || ફેબ્રુઆરી ૨૦૨૪ ||સળંગ અંક : ૬૨૮

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.ecvm.net

REGIONAL TEST CENTER-CUM-TECHNICAL
BACK UP UNIT FOR SOLAR THERMAL DEVICES

SPRERI
STRIVING FOR EXCELLENCE

# SARDAR PATEL RENEWABLE ENERGY RESEARCH INSTITUTE

चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर
कर्मण्येवाधिकारस्ते



Sardar Patel Renewable Energy Research Institute pioneering in research and development of renewable energy technologies in the area of Solar energy, and Biochemical & Thermochemical conversion of biomass for the production of advanced biofuels and chemicals.

Post Box No. 2, Nr. BVM Engineering College,
Vallabh Vidyanagar (Anand) - 388 120, Gujarat, India.
**Tel.** : 091-2692-235011, 231332; Fax: 091-2692-237982
**Email** : solar@spreri.org

(વધુ વિગતો પાન નં.૨૩ ઉપર)




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ફેબ્રુઆરી-૨૦૨૪
વર્ષ : ૨૬ અંક : ૨
સળંગ અંક ૬૨૮

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**પ્રમુખ** શ્રી પ્રયાસ્વીનભાઇ બી. પટેલ
**ઉપપ્રમુખ** શ્રી મનીષભાઇ એસ.પટેલ
**અધ્યક્ષ** શ્રી ભીખુભાઇ બી. પટેલ
**માનદ્ મંત્રી** ડૉ.એસ.જી.પટેલ

**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ.પટેલ



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ
**સંપાદન-સહાય**
વિજય સુથાર
**પ્રકાશક**
ડૉ. એસ.જી.પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ ઍકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ●ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

વિ-વિદ્યાનગર www.vvidyanagar.ecvm.net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

ઊગ્યા સૂરજ તે સબ કોઈ દેખે,
ઢાંક્યે નવ રે'વે છાને,
કહે રવિરામ સૂરા સંત સમજે,
હું પદને સહેજે હાને.
સુરત સખી જેવી ચડી આસમાને.

**રવિરામ**


|| આપણો વૈભવ અને વારસો || ....................૩
**પદ્ય-વિભાગ : રવિરામ, દાસી જીવણ**

|| નવાં કાવ્યો || ........................................૪
**પ્રફુલ્લ રાવલ, ઉમેશ જોષી, સાહિલ**

|| આપણો વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** મૂળમાં છે ................................૫
**વિનોબા ભાવે**

|| પ્રાસંગિક ||
રોમરોમમાં રામલલ્લા, રામનામનો જાદુ.......................૬
**ભગીરથ બ્રહ્મભટ્ટ**

|| લઘુકથા || ઉપહાર ..................................૭
**પલ્લવી ગુપ્તા**

|| નિબંધ || હું તો હવે રણની ઊડતી ધૂળ ! ................૮
**રાકેશ પટેલ**

|| અનુવાદ ||
સ્વરાજ્યના પ્રથમ પ્રણેતા : છત્રપતિ શિવાજી.............૧૦
**મૂ.લે.સુનીલ પાઠક અનુ : મહેન્દ્ર નાઈ**

|| વિશેષ || વિશ્વ માતૃભાષા દિવસ......................૧૩
**ઈશ્વરભાઈ વાઘેલા**

|| સાંપ્રત ||
મણિપુરમાં વિશ્વગ્રામની શાંતિ-સદ્ભાવની પહેલ ..........૧૬
**ડંકેશ ઓઝા**

|| વાર્તા || ચાંદલો........................................૧૮
**યોગેશ પંડ્યા**

|| સંસ્થા પરિચય || SPRERI..................................૨૩
Dr. Anilkumar Dubey

|| વિદ્યાવૃત્ત ||
................ ૫, ૬, ૭, ૧૨, ૧૫, ૧૭, ૨૨, ૨૬, ૨૭




ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો પદ્ય વિભાગ ।।

### મેરમ તો માને

**રવિરામ**

સુરત સખી જેની ચડી આસમાને,
આપે વાત સતગુરુ જાને.
ગુપત ગોટકા સમરણ કર લે,
કોઈ સુને નહિ આ કાને,
માઈલા મનકું માંઈ સમજાવો,
મેરમ મજરા તો માને....સુરત૦
સૂક્ષમ ખાવણાં, સૂક્ષમ સોવણાં,
સૂક્ષમ વાત કરે સાને,
અદ્વૈત બ્રહ્મ તો તબહીં ભાસે,
તાર મિલાવો એ તાને...સુરત૦
પુસ્તક કેરા મટ્યા પળોજા,
કયા વાંચે પરગટ પાને ?
બાહિર ગાવે માંહી ઘોર અંધેરા,
લેહ કયું આવે વિણ ધ્યાને ?... સુરત૦
ઊગ્યા સૂરજ તે સબ કોઈ દેખે,
ઢાંક્યે નવ રે'વે છાને,
કહે રવિરામ સૂરા સંત સમજે,
હું પદને સહેજે હાને.
સુરત સખી જેવી ચડી આસમાને.

### વાલમ સાથે વાત

**દાસી જીવણ**

મારે કરવી વાલમ સાથે વાત,
મેરમજીને માણવા રે
સખી, સનેડો કરતાં નંદલાલસે રે,
મારા ચિતડામાં હતી ઘણી ચાત્ય. ...મેરમ૦
હરિને પકડી લાવો મારા હાથમાં રે,
એને હેમની ઢળાવી દઉં ખાટ. ...મેરમ૦
હવે સોકલડી મુંને શું કરે રે,
મેં તો હરિને કરી લીધા હાથ. ...મેરમ૦
સખી, દાસી જીવણ ચરણ ભીમનાં રે,
એવી પડેલ પટોળે ભાત,
મેરમજીને માણવા રે.

### સંભારી લે આતમા

**દાસી જીવણ**

મારા દિલ દિવાના તું
લે લે હરિના ગુણ ગાઈ.

આગુંના બોલને તું સંભારી લે આતમા, શું રિયો રંગમાં લોભાઈ ?
આંયાં રે આવીને બહુ સુખ પામ્યો, ત્યાં અદલ ઘણી કેરી આઈ.

માત પિતા ને તારા કટંબ કબીલા, બેની બાંધવ સુત ભાઈ,
અરધંગા તારી અળગી રે'શે, એકલડો જીવ જાઈ.

સેજ તળાયું ને અવલ ઓસીકાં, અંગ પર ઓઢત રજાઈ,
આ કાયાને કે'દી મેલ ન ચડતો, ખૂબ કરીને ખેરાઈ.

સાસ ઉસાસ દોઉ વસે તારા ઘટમાં, ઉનસે કરી લે ઓળખાઈ,
એકવીસ હજાર દમ શિકાર ખેલી, રટ રટ કે રંગ લાઈ.

દમ કદમ કા દોર પર રે'ણાં, અટળ અભંગ પદ પાઈ,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં, સહુને કહું સમજાઈ.
મારા દિલ દીવાના તું,
લે લે હરિના ગુણ ગાઈ.

### હાટડિયે કેમ ર'વાશે

**દાસી જીવણ**

હાટડિયે કેમ રેવાશે ભઈ,
મારા રામની રજા નંઈ.

બેસવા સારુ હાટડી કીધી, હાટકી ખડી થઈ,
તેડાં આવ્યાં શ્રીરામનાં ત્યારે હાટડી પડી રઈ.

જમ જરાયલ ઢોલિયે બાંધ્યા, જરા મરણ નંઈ,
દશ મસ્તક ને વીશ ભુજાળો, રાવણ ન શક્યો રઈ.

ઊંચી મેડી ને અજબ ઝરુખા, સુખમાં રહ્યો સૂઈ,
જમરે આવી ઝાલિયો પછેં, લાવ ન શક્યો લઈ.

ધરમના કામમાં ઢીલ ન કરવી, વેળા જાશે વઈ,
દાસ જીવણ સત ભીમ પ્રતાપે, નામની નોબત થઈ.
હાટડિયે કેમ રે'વાશે ભઈ ?

## ।। નવાં કાવ્યો ।।

### ક્યાં શોધું હું મારું ગામ ?

**પ્રફુલ્લ રાવલ**

ક્યાં શોધું હું મારું ગામ ?
એમ જ ઊભા છે દરવાજા ચાર, ગુમાવી એનાં રૂપ
નામ રહ્યાં છે એના એ, ને કાળ ઊભો છે કેવળ ચૂપ
કોના સહારે હું પહોંચીશ મારા અસલી ઠામ
ક્યાં શોધું હું મારું ગામ ?

ક્યાં શોધવા સતત સમય ફોલતા નવરા જણ ?
ઝૂરે ચબૂતરો એકલ એકલ તલસે પંખીગણ
ખાલી ઓટલા એકબીજાંને આપી રહ્યાં હામ.
ક્યાં શોધું હું મારું ગામ ?

પેલી વહેતી નદીએ એનાં બદલ્યાં વહેણ,
હવે મને કોઈ નથી મોકલતું કશાંયે કહેણ
વહેતાં આ જીવનમાં ખોવાયું છે મારું ધામ
ક્યાં શોધું હું મારું ગામ ?

બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ,
મ્યુનિસિપલ ગાર્ડન સામે, વાસણા,
અમદાવાદ-૩૮૦ ૦૦૭ (મો) ૯૮૭૯૦ ૧૩૧૭૦

*"The man who does not read books has no advantage over the one who cannot read them." ...*

* * *

*"Education is the passport to the future, for tomorrow belongs to those who prepare for it today."*

* * *

*"Teachers can open the door, but you must enter it yourself."*

* * *

### બસ હવે....!

**ઉમેશ જોશી**

લ્યો, અહીંથી ગયો નીકળી બસ હવે,
અન્યમાં પણ ગયો છું ભળી બસ હવે.
એ જ પળને સમયમાં ફરી ગોઠવી,
બર્ફવત્ હું ગયો પીગળી બસ હવે.
ક્યાં સરળ હોય છે. શ્વાસનું તૂટવું,
એટલે તો ગયો ઓગળી બસ હવે.
કોઈને પણ મળ્યું આમ તો સૂર્ય થઈ,
બંધ આંખે ગયો ઝળહળી બસ હવે.
પહાડની જેમ પોઢી ગયો ને છતાં.
સ્મરણોમાં ગયો ખળભળી બસ હવે.

### ગઝલ

**સાહિલ**

અંધારામાં રહબર જેવો
અક્ષર છે પયગમ્બર જેવો
હોય જરૂરતની વેળા તો
ખોબો પણ છે સાગર જેવો
અર્થ ભરોસાનો સમજ્યો છું
તરણાં ઓથે ડુંગર જેવો
કેમ હળાહળ હાર ન પામે
માણસ તો છે શંકર જેવો
વીત્યાં વરસો ફંફાસ્યાં પણ
દિવસ મળ્યો ના અવસર જેવો
સમય પ્રમાણે લાગે માણસ
ઈશ્વર જેવો પથ્થર જેવો
તોય તમે ના સમજ્યાં 'સાહિલ'
પ્રશ્ન સ્વયં છે ઉત્તર જેવો.

'નીસા', ૩/૧૫, દયાનંદ નગર,
રાજકોટ-૩૬૦૦૦૨, (મો) ૯૪૨૮૭૯૦૦૬૯


ISSN 0976-9609

## || વૈભવ-વારસો ગદ્ય વિભાગ ||

### મૂળમાં છે...

**વિનોબા ભાવે**

સમતા એ આજનો યુગધર્મ છે અને સર્વોદય આવી સમતા સાધવા માગે છે. સર્વોદયની આવી મહેચ્છાના મૂળમાં છે - માણસની માણસાઈમાં વિશ્વાસ.

જો આવો વિશ્વાસ ન હોય, તો ન તો કદી સર્વોદય આવી શકશે, ન સમાજવાદ સ્થાપી શકાશે કે ન કોઈ પણ જાતની સજ્જનતાભરી સમાજરચના ઊભી કરી શકાશે. આવા વિશ્વાસ વિના કોઈ પણ સારી રચના જ નહીં થઈ શકે.

તેથી સર્વોદયના કામમાં આપણને માણસની માણસાઈમાં મૂળભૂત વિશ્વાસ છે. સૉક્રેટિસે કહ્યું છે કે માણસ મૂળતઃ સજ્જન છે, તેનામાં જે દોષો દેખાય છે તે અજ્ઞાનને કારણે છે તથા જ્ઞાન દ્વારા માણસના બધા દોષો, બૂરાઈઓ વગેરે દૂર કરી શકાય છે. આ બધાની પાછળ માણસની દુષ્ટતા નહીં અજ્ઞાન છે, માણસ મૂળતઃ સજ્જન છે.

માણસની માણસાઈમાં આવો વિશ્વાસ, એ સર્વોદયનો પાયો છે. ભૂદાનયજ્ઞમાં માણસના દિલમાંની પ્રેમ અને સદ્‌ભાવનાની વૃત્તિને કેળવવાનો પ્રયાસ થયો. જુઓ ને ! આટલાં વરસ હજારો લોકોએ મારાં ભાષણ અત્યંત શાંતિથી ને પ્રસન્નતાથી સાંભળ્યાં. હું એમને કાંઇ એમના સ્વાર્થની વાત નહોતો કરતો. હું એમને દાન આપવાનું કહેતો, બીજા માટે ઘસાવાનું કહેતો. એમને તે સાંભળવું સારું લાગતું, મીઠું લાગતું. એટલે કે અંદરથી તે ચીજ એમને પસંદ છે, પછી ભલે પોતે તે મુજબ ન પણ કરી શકતા હોય. આના ઉપરથી ખબર પડે છે કે માનવ-સ્વભાવ મૂળમાં કેવો છે.

ટૂંકમાં, પહેલી વાત એ કે માણસ સ્વભાવથી સ્વાર્થી, લોભી કે એકલપેટો નથી પણ ખોટી સમાજરચનાને કારણે એમ વર્તતો થઈ ગયો છે. આપણે જો ઉચિત ને અનુકૂળ સમાજ-વ્યવસ્થા ઊભી કરી શકીએ, તો પ્રેમ કરવો, બીજા માટે ઘસાવું વગેરે તેની મૂળભૂત સ્વાભાવિક વૃત્તિઓને મ્હોરી ઊઠવા માટે પૂરતો અવકાશ મળે.

બીજી વાત એ છે કે માનવ-સ્વભાવ એ કોઈ નિયમિત ને સ્થિર વસ્તુ છે નહીં, એ તો બદલાતો આવ્યો છે, સતત વિકસીત થતો આવ્યો છે, અને હજીયે તે આવી જ રીતે બદલાતો રહેશે, વિકાસ પામતો રહેશે. તેનો સાચી દિશામાં વિકાસ થાય, તે આપણે જોવું જોઈએ.

(ભૂમિપુત્ર પખવાડિક : ૨૦૦૬)
અરધી સદીની વાચનયાત્રામાંથી સાભાર

## || વિદ્યાવૃત્ત ||

**આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કુલ (ગ્રાન્ટેડ)માં યુવા દિનની ઉજવણી :** ચારુતર વિદ્યાનગર સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કુલ-માધ્યમિક વિભાગમાં વિવેકાનંદ જયંતિ નિમિત્તે યુવાદિનની ઉજવણી કરવામાં આવી. વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત નિવૃત્તિ શિક્ષક શ્રી રામભાઈના વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને વ્યસનથી થતા ગેરલાભ વિશે જાણકારી આપવામાં આવી. બાળકોને કોઈપણ પ્રકારના ખરાબ વ્યસનથી મુક્ત રહેવાના શપથ લેવડાવ્યામાં આવ્યા. વિવેકાનંદ જયંતિ નિમિત્તે વિદ્યાર્થીઓને સ્વામિશ્રીના જીવન પર ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી. શાળાના સિનિયર શિક્ષકશ્રી રાજેશભાઈ દ્વારા વિષય આધારિત ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું.




શાળાના આચાર્યશ્રી ભાવેશભાઈ ભટ્ટ દ્વારા સ્વામિ વિવેકાનંદના જીવનમાંથી પ્રેરણા લેવાની શીખ આપવામાં આવી. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી રાજેશભાઈ ભટ્ટ તથા હેમાંગીનીબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું.

॥ પ્રાસંગિક ॥

## રોમરોમમાં રામલલ્લા

ભગીરથ બ્રહ્મભટ્ટ

(૧)

રોમરોમમાં રામલલ્લા
પરપોટામાં પ્રવેશ પામી તોલે પળનાં પલ્લાં
રામ પવનની પીંછી થઈને
પળથી પળને રંગે
રંગગંધનાં ઝાઝર બાંધે
નાથે રામ ઉમંગે
તળિયે સાચી રામધરા છે ઉપર ફીણના દલ્લા
રોમરોમમાં રામલલ્લા
અંધારાની કળિયું ખોલી
રામ કરે પ્રભાત
તડકાને એ તેડી લેતા
દોરે કેવી રાત !
વણકથેલા શબ્દો સાચા બાકી ગલ્લાંતલ્લાં !!
રોમરોમમાં રામલલ્લા

## રામનામનો જાદુ

ભગીરથ બ્રહ્મભટ્ટ

(૨)

રામનામનો જાદુ
કાળપાનને પળમાં પલટે, બાબર થૈ ગ્યો પ્યાદુ
રામનામના કિરણ કેરી જરા આદરી શોધ
પલકવારમાં વ્હેવા માંડ્યો ઝળહળતો ધોધ !
રાત પછીથી દિવસ આવે, ગણિત કેટલું સાદુ !
રામ નામનો જાદુ !
ધરા નભને પ્રેમ કરે છે નભ પણ ચાહે ધરા
એ બન્નેની વચ્ચે કેવા રામકૂપ ભરા ભરા !!
શબ્દ વગર પણ રામનામને નિરંતર આરાધુ
રામ નામનો જાદુ

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ
મહાદેવ વિસ્તાર, વલ્લભ વિદ્યાનગર
ફોન (મો) ૯૮૭૯૫૨૩૨૭૬

---

*"Those who have knowledge of Dharma say that Truth is the highest Dharma."*
*"Dharma (righteousness) is more important than any divine boon."* ***- Lord Rama***

---

॥ વિદ્યાવૃત્ત ॥

### નલિની-અરવિંદ એન્ડ ટી. વી.પટેલ આર્ટ્સ કોલેજમાં ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ માર્ગદર્શન અંગે (G3Q) નો કાર્યક્રમ યોજવામાં આવેલ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી. વી.પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થીઓને ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ અંગે ડો.અલ્કાબેન મેકવાન દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ, જેમાં આચાર્ય ડો.બી.એમ.પરમાર, ડો.કૌશલ કોટડિયા, ડો.મહેશભાઈ સોલંકી તથા ડો.ઉમાબેન શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

 ISSN 0976-9609

## ।। લઘુકથા ।।

### ઉપહાર

પલ્લવી ગુપ્તા

મમ્મીને બિલકુલ ન ગમ્યું. આખા દિવસના અંતે પણ એ જ ... ? આટલો બધો ખર્ચો કર્યા પછી પણ કેમ ... ?

રાત્રે બાર વાગતા જ મોબાઈલમાં હેપી બર્થ ડેનું ગીત વગાડ્યું હતું. ખુશી જાગી ગઈ હતી. જોયું; મમ્મી કેક લઈને હાજર હતી. નાનકડું બર્થ ડે સેલિબ્રેશન કરીને પાછા બધા સૂઈ ગયા હતા.

સવારે જ્યારે એલાર્મ સાથે તે ઊઠી હતી, ઓશીકાની પાસે એને જોઈતી ગિફ્ટ પડી હતી. નહાવા ગઈ ત્યારે બીજી બર્થ ડે ગિફ્ટ-ફેન્સી ફ્રોક, લોંગ શૂઝ. તૈયાર થઈને સ્કૂલે જવા સ્કૂટી કાઢી, સીટ પર એક ચબરખી ચોંટાડેલી હતી, ડિયર, ડીકીમાં ચોકલેટ-બાર પડ્યા છે તે બર્થડેનો વાયદો કર્યો હતો ને મિત્રોને, ખવડાવજે.

પાછી આવી ત્યારે મમ્મીએ એમની નોકરી પરથી જ વીડિયો કોલ કર્યો હતો, “બેટા ! વન મોર સરપ્રાઈઝ ફોર યુ ! મિત્રો સાથે કેનાલ ફ્રન્ટ પર પિત્ઝા પાર્ટી કરવી હતી ને ! યુ કેન ગો. પૈસા ડ્રોઅરમાંથી લઈ લેજે.”

પાર્ટી કરીને પાછી ફરી ત્યાં સુધી મમ્મી પણ નોકરી પરથી આવી ગઈ હતી. એને ભાવતો ગાજરનો હલવો બનાવી તૈયાર રાખ્યો હતો.

બધું જ કામ પૂરું કરી જ્યારે સૂવાની તૈયારી ચાલતી હતી, મમ્મીના હાથમાં ફરી એક ગિફ્ટ તૈયાર હતી. એણે કહેલી એક એક વસ્તુ યાદ કરીને મમ્મીને આપી હતી. પણ દીકરીના ચહેરા પર એ ખુશી જોવા મળી નહોતી. મમ્મીને બિલકુલ ના ગમ્યું. ચિડાઈને પૂછ્યું, “હવે બીજું તમને શું જોઈએ ? કેમ ખુશ નથી દેખાતી ?”

કરમાયેલા ચહેરા સાથે ખુશીએ કહ્યું, “મમ્મી! તું...” બોલતાંની સાથે મમ્મીના ગળે વળગી પડી.

બી-૭, આનંદ બંગ્લોઝ, ગાયત્રી મંદિર રોડ, મહાવીરનગર,
સાબરકાંઠા-૩૮૩ ૦૦૧ (મો) ૯૪૦૮૯૩૨૯૪૩

## ।। વિદ્યાવૃત ।।

### પ્રતિક સમાજસેવા ટ્રસ્ટ સંચાલિત ગ્રાહક સુરક્ષામંડળ તથા સી.વી.એમ.ઉ.મા.શિ.સંકુલ (વિજ્ઞાન પ્રવાહ) આર.પી.ટી.પી.સ્કૂલ વિદ્યાનગર દ્વારા ગ્રાહક અધિકાર દિનની ઉજવણી

૨૪ ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક દિન તરીકે ઉજવવામાં આવે છે ગ્રાહકોમાં જાગૃતિ કેળવવા અને વધુને વધુ ગ્રાહકો તેમના અધિકારો અંગે સજાગ બને અને ગ્રાહક સુરક્ષા ધારાની જોગવાઇઓનો લાભ મેળવે તે હેતુસર ગ્રાહક સુરક્ષા મંડળ વિદ્યાનગર અને સી.વી.એમ.ઉ.મા.શિ.સંકુલ (વિજ્ઞાન પ્રવાહ)પઆર.પી.ટી.પી.સ્કૂલમાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિનના અનુસંધાને વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓની રેલી કાઢવામાં આવી હતી તથા નિબંધ અને પોસ્ટર કોમ્પીટિશનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી એસ.સી.કપાસિયા સાહેબે આપ્યું હતું તથા આયોજન શાળાના આચાર્યશ્રી વિજયભાઈ ધાંધલ્યા સાહેબ અને ગ્રાહક સુરક્ષાના કન્વિનર શ્રી ભરતભાઈ આર. પ્રજાપતિ સાહેબે કર્યું હતું.

## ।। નિબંધ ।।

## હું તો હવે રણની ઊડતી ધૂળ !

**રાકેશ પટેલ**

અચાનક કોઈ પંખીનો ટહુકો કાનમાં રેડાયો ને મારી ભીતર જાણે પીંછા ફૂટી નીકળ્યા. આંગળીના ટેરવેથી ટહુકા ખરી રહ્યા. મન મોર બની નૃત્ય કરવા લાગી ગયું. ને હું રણની આંગળી પકડી નીકળી પડ્યો રણની ભીતર. રણની આ માયાએ જ મને રણવાસી બનાવી દીધો છે. હું તો અહીંની એક સરકારી શાળાનો શિક્ષક. વગર સજાએ કચ્છના કહેવાતા આ મોટા રણની સરકારી શાળાનો મને ચાર્જ મળ્યો. રણમાં આવેલ ગામ મોટા ભીટારા. વૃક્ષો નામે કેવળ ગાંડા બાવળ ! સાવ દુષ્કાળગ્રસ્ત ગામ. બાવળ રોપી છાંયડા ઊછેરતું ગામ ! આ ગામની શાળાનો હું એકમાત્ર શિક્ષક. પણ અહીંના રણે મારી ભીતર એવા તો અજવાળાં પાથર્યા કે ઊંડે ઊંડેથી અંધારા ઊલેચાઈ ગયાં. ને પછી તો ભીતર હજારો દીવડાઓથી ઝગમગી ઊઠ્યું. બાવળની ટોચે ઊગતાં ફૂલો જાણે એ મારું મૌન સ્મિત જ જોઈ લો !

સૂરજના કૂણા કિરણોના સ્પર્શ માત્રથી રણ જાગી ગયું છે. સૂરજના પ્રથમ કિરણે રણના કપાળ ઉપર જેવું તિલક કર્યું કે પંખીઓના ટહુકા રણમાં ગૂંજી ઊઠ્યા. રેતકણો મલકાઈ ઊઠ્યા. ધબકી ઊઠ્યા. આકાશ જાણે નીચે નમી રણ પ્રત્યે વહાલ દર્શાવતું હોય એમ રણને અજવાળાં પહેરાવી રહ્યું. ને રણમાં સોનું ઢોળાયું હોય એમ રણનો ચહેરો ચમકી ઊઠ્યો. ચકલીઓ એની ચાંચમાં અજવાળું પકડી સરહદો પાર સૂતેલાં ગામડાંને, ગ્રામજનોને જગાડવા દોડી ગઈ. આકાશમાં ઊડતી ચકલીઓ જાણે પરમેશ્વરની કોઈ દેવદૂત જ જોઈ લ્યો ! અજવાળું ઓઢી ચમકતી ચકલીઓ આકાશમાંથી અજવાળું છલકાવતી ઊડી રહી છે, ત્યારે બાવળ ટોચે બેઠેલું અંધારું એક ખૂણામાં લપાઈ જાય છે. બાવળ નીચે બેઠેલું સસલું એ અંધારાને બટક બટક ચાવે છે.

રાતના અંધારામાં રણના કાનમાં વાર્તા કહેતા આગિયા ઓલવાઈ ગયા છે. કાન માંડીને વાર્તા સાંભળી રહેલા ચંદ્રની હથેળીમાંથી કંકુ ઝરી રહ્યું છે. આકાશમાં રહેલ સૂરજ એ કંકુને ઝીલી, રણમાં કંકુવર્ણા પગલાં પાડી રહ્યો છે. રણ તેના આ પગલાંને પોતાના આંસુથી ધોઈને આવકારે છે ! રણના આ વ્હાલને, પ્રેમથી આખું આકાશ વધાવી લે છે, પંખીઓના ટહુકાથી ! ને ચારેય દિશાઓમાં પુષ્પોની પમરાટ પહેરી પવન સુગંધ છલકાવી રહે છે. મોરમુગટ ધારણ કરનારની વાંસળીના સૂર રણમાં રેલાઈ ઊઠે છે. ને રણ ગોકુળ બની ઝૂમી ઊઠે છે, નાચી ઊઠે છે !

મારી આંગળી પકડી રણ મને છેક એની ભીતર સુધી દોરી લઈ જાય છે. અને આમેય રણને ઉપરછલ્લું કંઇ ના ફાવે. એ જેને અપનાવે એને એના સ્નેહમાં તરબોળ કરી દે, એનામાં તલ્લીન કરી દે. અગાઉ આ રણમાંથી ભાગવા, ભાગી છૂટવા મેં ઘણા પ્રયત્નો કર્યા, પણ રણ દર વખતે સમજાવી, મનાવી મને પાછો વાળે. ને હું બસ આ છેલ્લી વાર... એમ કહેતો રણની વાત માની પાછો ફરતો. આજે રણ, રણના લોકો મારા છે. મારા પોતિકા છે. આજે ભાગવાને બદલે હું એનામાં ભળી ગયો છું ! એક પારકી-અજાણી વ્યક્તિ તરીકે રણમાં પ્રવેશ કર્યો હતો. આજે પોતીકાપણાની લાગણી અનુભવાય છે. એકલતા અને એકાંત જોજનો દૂર છે. રણ એટલે જાણે મૈત્રીનો સાચો પર્યાય !

રણના આંગણે માંડવો રોપાયો છે. પાછા પગલે ફરતો શ્રાવણ વરસ્યો છે. એનું હેત વરસ્યું છે. છેલ્લા કેટલાય દિવસોથી રાહ જોવડાવતો વરસાદ શ્રાવણના પગલે રણમાં રોપાયો છે. અબોલ પશુઓની આંખોમાં હું તેજ જોઈ મલકી રહું છું. પશુઓ લીલો લીલો તડકો ચરવા રણની ભીતર-સરહદો સુધી નીકળી પડ્યાં છે અને બે ત્રણ દિવસે પાછા ફરશે,

 ISSN 0976-9609

ત્યારે ઘી-દૂધની સુવાસના તોરણ બંધાશે રણવાસીના દ્વારે, આંગણે ! અને ઢોલ ઢબૂકશે, ગીતો ગવાશે. હું એ ગીતોને કાન દઈશ, પણ સીંધી, કચ્છી બોલીમાં ગવાતાં એ ગીતો મને સમજાશે નહીં. સમજાશે કેવળ એમના હૃદયની ભાષા, ભાવ ! એ આંખોની વણ-ઉકેલી લિપિ વાંચી હું મારી જાતને ધન્ય સમજું છું.

રણમાં અમારા માટે તો વરસાદ એટલે જાણે પરમાત્માનો પ્રસાદ ! ઉનાળામાં આકાશ જ્યારે આગ ઝરતો તડકો ઓકી રહ્યું હોય, ત્યારે મૂંગા પશુઓ, પંખીઓ તરસ્યા મરે છે. તરસ માટે કયાં ક્યાં ભટકવું પડે છે ? સરહદો સુધી ચાલી ચાલીને થાકી જવાનું ને દેખાય કેવળ મૃગજળ ! કેવળ આભાસ ! ને રણવાસીઓ સતત આકાશ સામું મીટ માંડી બેસી રહે છે. રણની ભીતર કૂવા ખોદ્યા કરે....પણ પાણીનું એકેય ટીપું તરસ ના બૂઝાવે. આખો દિવસ ધૂળ અને શૂળ વચ્ચે જીવવાનું, અસહ્ય પીડાથી રણ વલોપાત કરે, તરફડ્યા કરે.

વરસાદ વરસે એટલે ઘી-દૂધથી રણ છલકાઈ ઊઠે... અને આજે તો રણના હોઠ માખણથી ભીના થયા છે. પછી શામળિયો રસ્તો ના ભૂલે તો જ નવાઈ ને ? ઈશ્વરને શોધનારા આવો, અહીં રણમાં આવો ! અહીં રણમાં જ રણછોડ તમને બતાવું ! રણની ભીતર ક્યારેક ક્યારેક મધરાતના વાંસળીના સૂર પ્રકટી ઊઠે છે. ને રણ રાધા બની નાચી ઊઠે છે. ક્યાંય સુધી હું વાંસળીના સૂરને સાંભળી રહું છું. ને વહેલી સવારે જાગીને જોઉં છું તો રણમાં મીરાંના પગલાં... રણ તો રણ છે. ! રાજસ્થાનનું રણ હોય કે પછી કચ્છનું રણ હોય ! વાત છે રણમાં ઓગળવાની, એકાકાર થવાની. વાત છે ભાવ અને ભક્તિની ! અને જે બીજામાં ઓગળી શકતા નથી, ભળી શકતા નથી તેના શ્વાસ એકલા અટુલા બની ભટક્યા કરે છે. કોઈની હૂંફ, કોઈનો સ્પર્શ પામ્યા વિના !

મારા માટે આ રેતીનું રણ નથી, મારું નંદનવન છે ! મારું ગોકુળ, મથુરા આ રણ જ છે. રણમાં ઊગતા-આથમતા સૂરજના કિરણોનો સ્પર્શ જ મારી મુક્તિનું દ્વાર છે. રણ મારો શ્વાસ છે, વિશ્વાસ છે. મારી પ્રથમ પ્રીત છે રણ... મારી હથેળીમાં આજે પણ એના હસ્તાક્ષર ઊગી નીકળ્યા છે. રણનું નામ પડે એટલે મિત્રો થોડું મ્હોં બગાડે. રણમાં તો રહેવાતું હોય...! ત્યાં રેતી ને બાવળ સિવાય બીજું હોય શું....? આવા કંઈ પ્રશ્નો કરે મિત્રો ! પણ રણ સાથે એક વાર પ્રીત બાંધી જોજો મિત્રો ! રણ તો છે વ્હાલનો દરિયો ! એ દરિયામાં જેટલી વાર ડૂબકી મારીએ એટલી વાર કંઈક નવા જ જીવન-રહસ્યો પમાય છે. મને રાગ અને વૈરાગ્યના પાઠ રણે જ ભણાવ્યા છે. તેથી આજે મારા માટે અઢારે પુરાણોનો સાર એટલે રણ... ! હું હવે હું ક્યાં રહ્યો જ છું ? હું તો રણની ઊડતી ધૂળ છું. રણમાં ઊડતા બગલાની ચાંચનો તડકો છું. રણમાં પશુઓ જે લીલો તડકો ચરે છે તે હું છું. કોઈ બાળાના હોઠોમાં ફરફરતું સ્મિત હું છું.

રણની આંખોમાં મેં હંમેશાં પ્રતીક્ષા જોઈ છે. જ્યારે કોઈ રણકન્યાનાં પગલાં માથે બેડું મૂકી દૂર દૂર સરહદો સુધી ઓગળે છે, ત્યારે રણની આંખોમાં લીંપાયેલી એ પ્રતીક્ષા આંસુ બની છલકાય છે, જે મને પણ ભીંજવે છે. ભગવાન રામની જેટલી પ્રતીક્ષા શબરીને હતી, રાધાને જેટલી પ્રતીક્ષા કૃષ્ણની હતી, તેનાથી વધુ પ્રતીક્ષા રણ ને મેહુલિયાની છે ! અને એ પ્રતીક્ષાનો અંત આવ્યો છે. પંખીઓની પાંખોમાંથી વરસાદની બૂંદો ઝમી રહી છે. રણ સરહદો સુધી દોડી એની ખુશી વ્યકત કરી રહ્યું છે. ત્યારે હું રણમાં મને ખોઈ નાખવા જ ભૂલો પડું છું...મધરાતે ફરી પાછા વાંસળીના સૂર રેલાય ત્યાં સુધી !

---

પો.બો.નં. ૧૭, મંગલેશ્વર-૩૯૮
આદિપુર-કચ્છ, (મો) ૯૪૨૯૨૯૭૭૭૦

|| અનુવાદ ||

## સ્વરાજ્યના પ્રથમ પ્રણેતા : છત્રપતિ શિવાજી

**મૂ.લે. સુનીલ પાઠક : અનુ. મહેન્દ્ર નાઈ**

મહારાષ્ટ્ર એક ગૌરવપૂર્ણ ભૂમિ છે, છત્રપતિ શિવાજીની ભૂમિ છે, સંત તુકારામ, સંત જ્ઞાનેશ્વરની આ ભૂમિ છે. અને તે ઉપરાંત પ્રાચીન ભારત પર દૃષ્ટિ કરીએ તો, સાતવાહન અને વૈભવ સંપન્ન રાજાઓની આ ભૂમિ છે જેના કારણે આ ભારતભૂમિ કલા-સંસ્કૃતિથી શોભાયમાન છે.

છત્રપતિ શિવાજી મહારાજ જેમના વિશે આપણે સૌ નાનપણથી જ ભણતા આવ્યાં છીએ તથા ભારતની દરેક વ્યક્તિ એમાંથી પ્રેરણા મેળવતી રહી છે, તથા ભારતનો પ્રત્યેક વિદ્યાર્થી તેમને સારી પેઠે જાણે છે. છત્રપતિ શિવાજી એક એવું નામ છે, જે સાંભળતા જ આપણી રગોમાં નવા રક્તનો સંચાર થવા લાગે છે, એક નવી ઊર્જા પ્રગટ થાય છે.

આ ઊર્જા કેવા પ્રકારની છે ? આ ઊર્જા છે રાષ્ટ્રચેતનાની, આ ઊર્જા છે સ્વરાજ્યની. સર્વપ્રથમ હું છત્રપતિ શિવાજી મહારાજને સ્વરાજ્યના પ્રથમ પ્રણેતાના રૂપમાં તેમજ રાષ્ટ્રના પ્રથમ પુરુષના રૂપમાં વંદન કરું છું.

જો ભારતના ભૂતકાળ પર દૃષ્ટિ કરીએ તો પૂર્વથી લઈ પશ્ચિમ, ઉત્તરથી લઈ દક્ષિણ, કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કોહિમા સુધી કોઈપણ ક્ષેત્રમાં કોઈ એવો રાજા કે નરપતિ નથી જોવા મળ્યો કે જેમણે એક વિરાટ સંકલ્પના સાથે રાષ્ટ્રીય ચેતનાના કાર્યનો પ્રારંભ કર્યો હોય !

ઈતિહાસકાર ગ્રાન્ટ ડફેએ શિવાજીના કાર્ય વિશે લખ્યું છે કે, સહ્યાદ્રીની પર્વતમાળામાં તે સમયે એક જ્વાળા ઉત્પન્ન થઈ, આ જ્વાળા હતી રાષ્ટ્રીય ચેતનાની, આ જ્વાળા હતી વિદેશી સત્તાના વિરોધમાં વિદ્રોહની. જે શિવાજીના પરાક્રમોથી ઉત્પન્ન થઈ હતી.

'સ્વરાજ્ય' શબ્દનો પ્રયોગ લોકમાન્ય ટિળક તથા મહાત્મા ગાંધીજીની પહેલા સર્વપ્રથમ શિવાજી મહારાજ દ્વારા જ કરાયો હતો. તેઓએ 'હિન્દવી સ્વરાજ્ય' એવું નામ આપ્યું હતું. શિવાજી મહારાજ સ્વરાજ્યના પ્રથમ પ્રણેતા છે. સૂરત પર શિવાજી મહારાજનું આક્રમણ સ્વરાજ્ય ચેતનાનો પ્રથમ શંખનાદ હતો. શિવાજી મહારાજે કેવી રીતે ધીરે ધીરે વિકાસ કર્યો તેનું સૌથી સુંદર પ્રમાણ સંસ્કૃત ભાષામાં લખાયેલ તેમની રાજમુદ્રા છે, જેમાં લખ્યું છે.

प्रतिपच्चन्द्रदेवेव वर्धिष्णुविश्ववन्दित ।
शाहसूनो शिवस्यैष मुद्रा भ्रदाय राजते ।।

(પ્રતિપદાના ચંદ્રમા સમાન નિરંતર વૃદ્ધિ પામનાર, સંસાર દ્વારા આદર સાથે જેનો સ્વીકાર થયો છે, તેવી શાહના પુત્ર શિવાજીની આ મુદ્રા કલ્યાણ માટે શોભાયમાન છે.)

શિવાજી મહારાજે રાજકીય કાર્ય અર્થે ફારસી શબ્દોનો બહિષ્કાર કરી સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કર્યો. સ્વરાજ્યની સંકલ્પનાને સફળ કરવા માટે તેઓ ભારતના ભવ્ય ભૂતકાળ પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરી રહ્યા હતા. તેમના અષ્ટ પ્રધાનમંડળની પ્રેરણા અને રચના રાજા દશરથના અષ્ટ સચિવના અનુકરણ પરથી કરી હતી. તેમણે પોતાના મંત્રીમંડળમાં અમાત્ય, પન્ત, સચિવ, સુમન્ત્ર, પંડિતરાવ, સેનાપતિ, મંત્રી વગેરે જેવા સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કર્યો. આ પહેલા તેની જગ્યાએ 'સુરનવીસ' જેવા ફારસી શબ્દોનો પ્રયોગ કરાતો હતો.

ઘણા બધા રાજાઓ તે સમયે મોગલ સત્તાના વિરુદ્ધમાં સંઘર્ષ કરી રહ્યા હતા. પરંતુ શિવાજી દ્વારા થઈ રહેલો સંઘર્ષ બધા કરતા થોડો જુદો હતો અને તે વિષયમાં ખૂબ જ સુંદર સમીક્ષા અનેક ઈતિહાસકારોએ કરી છે. પ્રસિદ્ધ પત્રકાર તથા હિન્દી પત્રકારત્વના પિતામહ પુરુષશ્રી વિદ્યા-વાચસ્પતિએ એક પુસ્તક લખ્યું છે 'મોગલ સામ્રાજ્યનું પતન તથા તેના કારણ' આ ખૂબ જ સુંદર પુસ્તક


ISSN 0976-9609

છે પુસ્તકમાં તેમણે શિવાજીના રાજ્યકાળ તથા મરાઠાઓના ઉત્થાન અંગે ખૂબ જ સુંદર વિવેચના કરી છે.

તેમાં તેઓ લખે છે – શિવાજી જે ઉત્થાનની વાત કરી રહ્યા છે, તે અન્ય રાજાઓથી એકદમ અલગ પ્રકારની છે. તેમનામાં સ્વાધીનતાનો ભાવ છે જે અન્ય તત્કાલીન રાજાઓમાં નથી. અન્ય રાજાઓ પણ મોગલ સત્તાના વિરુદ્ધમાં સંઘર્ષ તો કરી રહ્યા છે પરંતુ તેમની વચ્ચે અંતર રહેલું છે. અન્ય રાજાઓ મોગલ સત્તા વિરુદ્ધ ત્યારે જ સંઘર્ષ કરે છે જ્યારે ઔરંગઝેબની સેના તેના સાથે યુદ્ધ માટે પડકાર ફેંકે છે. પરંતુ શિવાજી આ બધાથી એકદમ જુદા છે, તેઓ પોતાના રાજ્યનિર્માણ સુધી જ સંતોષ માનીને નથી બેસી રહેતા પરંતુ તેઓ સમગ્ર અખંડ ભારતભૂમિ પર સ્વરાજ્યની સ્થાપના થાય તે માટેનું એક વિરાટ સ્વપ્ન જોવે છે.

સ્વરાજ્યની સંકલ્પના કેવી હોય ? આ વિષયમાં છત્રપતિ શિવાજી દ્વારા મીર્જા રાજા જયસિંહને લખાયેલ પત્ર પરથી માહિતી મળે છે, જે રાષ્ટ્રીયતાનો પ્રથમ દસ્તાવેજ છે.

ઔરંગઝેબને જ્યારે ખબર પડી કે શિવાજી કોઈપણ રીતે આપણા વશમાં નહીં થાય તેથી તેમણે શાહિસ્તાખાનને મોકલ્યો. શાહિસ્તાખાન ખૂબ જ ખરાબ રીતે પરાજય પામી ત્યાંથી ભાગી ગયો ત્યારબાદ રાજા જયસિંહને મોકલ્યા. ચતુર ઔરંગઝેબે કાંટાથી જ કાંટાને કાઢવાનું વિચાર્યું. મિર્ઝા રાજા જયસિંહ કૂટનીતિમાં માહિર હતા. તેમજ રાજપૂત રાજા હતા તેથી બહાદુરીનો ભાવ તેમની અંદર હતો. મહારાષ્ટ્રમાં આવીને તેમણે મરાઠાઓના કિલ્લાઓની આસપાસ પોતાનો પડાવ નાખ્યો. શિવાજીએ જોયું કે એક તો તે હિન્દુ રાજા છે તેમજ કૂટનીતિમાં માહિર છે તો તેનો સામનો કેવી રીતે કરવો. તેથી તેમણે સર્વપ્રથમ ઐતિહાસિક પત્ર લખ્યો. આ કોઈ સાધારણ પત્ર ન હતો પરંતુ આ પત્ર રાષ્ટ્રીયતાનો પ્રથમ શંખનાદ હતો. પરંતુ તથાકથિત ધર્મનિરપેક્ષતાની ભાવનાનાં કારણે આ પત્રના ઘણા બધા તથ્યોને દબાવી દેવામાં આવ્યા. આ પત્રની ચર્ચા કરાઈ પરંતુ તેને માન, સન્માન અને યશની પ્રાપ્તિ ન થઈ, જે તેને મળવા પાત્ર હતી. મારું એમ માનવું છે આ પત્ર એટલો મહત્ત્વપૂર્ણ હતો કે તેને ભારતીય સંસદના મુખ્ય કક્ષમાં મઢાવીને રાખવો જોઈએ, એ માટે કોઈપણ પ્રકારનો સંકોચ કે નાનમ ન હોવી જોઈએ. જો આપણે આપણા ઈતિહાસને નહીં જાણીએ તો પ્રેરણા ક્યાંથી પ્રાપ્ત કરીશું ? તથાકથિત હિંદુ-મુસ્લિમ એકતાના કારણે ઈતિહાસના અનેક તથ્યોને દબાવવામાં આવ્યા છે. હવે એ સમય પાકી ગયો છે કે એ તથ્યોને બહાર લાવવામાં આવે તથા લોકો સમક્ષ રજૂ કરવામાં આવે તે જરૂરી છે.

આ પત્રને હું સ્વરાજ્યનો પ્રથમ શંખનાદ શા માટે કહી રહ્યો છું તેની પાછળ અનેક કારણો છે. આ પત્ર ખૂબ જ માર્મિક છે, તથા બુદ્ધિમત્તાથી પૂર્ણ છે. આ પત્રની પ્રથમ પંક્તિ જ હૃદયને પ્રભાવિત કરે છે. આ પત્ર પર હિન્દીના મહાકવિ નિરાલાએ ખૂબ જ સુંદર કવિતા લખી છે.

મૂળ પત્રમાં શિવાજી મહારાજ પોતાની ઓજસ્વી વાણીમાં રાજા જયસિંહને સંબોધન કરતા લખે છે –

હે સરદારોના સરદાર, રાજાઓના રાજા તથા ભારતના બગીચાની ક્યારીઓના વ્યવસ્થાપક ! હે રામચંદ્રના ચૈતન્ય હૃદયાંશ, તારા દ્વારા રાજપુતોની ગરદન ઉન્નત છે. તારા દ્વારા બાબર વંશની રાજ્યલક્ષ્મી વધુ પ્રબળ થઈ રહી છે. (તથા) શુભ ભાગ્યથી તારા દ્વારા બાબર વંશની રાજ્યલક્ષ્મી વધુ પ્રબળ થઈ રહી છે. (તથા) શુભ ભાગ્યથી તારા દ્વારા સહાયતા (મળે) છે. હે જવાન (ઉન્નત) ભાગ્ય (તથા) વૃદ્ધ (પ્રૌઢ) બુદ્ધિવાળા જય શાહ ! શિવાના પ્રણામ તેમજ આશિષ સ્વીકાર કરો. જગતનો જનક તારું રક્ષણ કરે (તથા) તને ધર્મ અને ન્યાયનો માર્ગ બતાવે.

મેં સાંભળ્યું કે કે તું મારા પર આક્રમણ કરવા અને દક્ષિણ પ્રાંત પર વિજય મેળવવા આવ્યો છે. હિન્દુઓનું હૃદય તથા આંખોના રક્તથી તું સંસારમાં લાલ મુખવાળો (યશસ્વી) બનવા ઈચ્છે છે, પરંતુ તું એ નથી જાણતો કે આ તારા મોં પર કલંક લગાવી રહ્યો છે. કારણ કે આ થકી દેશ તથા ધર્મ બંનેને હાનિ થઈ રહી છે. જો તું ક્ષણ માત્ર માટે પણ તારા મનથી વિચારીશ, તારા અંતરના અવાજને સાંભળીશ તથા જો તું તારા હૃદય પર હાથ રાખી વિવેક-બુદ્ધિથી વિચારીશ તો તું જાણી શકીશ કે આ રંગ કોના રક્તનો છે તથા તેનો વાસ્તવિક રંગ બંને લોકમાં શું છે. (લાલ કે કાળો) જો તું તારી જાતે દક્ષિણ પર વિજય મેળવવા આવ્યો હોત તો મારું માથું અને આંખ તારા રસ્તાની ચાદર બની જાત. હું તારી સાથે કદમ મિલાવીને (ઘોડાની સાથે) મોટી સેના લઈને ચાલતો તથા એક ભાગથી લઈને બીજા ભાગ સુધીની ભૂમિ તને આપીને વિજયી બનાવી દેત. પરંતુ તું તો ઔરંગઝેબની તરફથી તે ભદ્ર જનોને છળકપટ આપવાવાળી વાતોમાં આવીને અહીં આવ્યો છે. હવે હું એ નથી જાણતો કે તારી સાથે હું કેવા પ્રકારનો વ્યવહાર કરવો જોઈએ. હવે જો હું તારી સાથે હાથ મિલાવી લઉં તો એ પુરુષત્વ નથી, કારણ કે પુરુષ લોકો સમયની સેવા નથી કરતા. સિંહ શિયાળપણું ન કરે અને જો હું તલવાર તથા કુહાડાથી કામ કરું છું તો બંને તરફથી હિન્દુઓને જ નુકસાન થઈ રહ્યું છે.

શિવાજી મહારાજ ઔરંગઝેબની અન્યાયપૂર્ણ નીતિનો વિરોધ પ્રત્યેક ક્ષણે કરતા રહ્યા છે. હવે ઔરંગઝેબે નિર્દોષ હિન્દુ પ્રજા ઉપર જજીયાકર લગાવી દીધો છે. ત્યારે શિવાજી મહારાજે ઔરંગઝેબને ઐતિહાસિક પત્ર લખી સચેત કર્યા તેમજ કઠોર શબ્દોમાં ચેતવણી આપી કે જો તમે એમ સમજતા હો કે હિન્દુ પ્રજાને દબાવવી અને ડરાવવી એ ધર્મ છે, તો તમારે સર્વપ્રથમ મેવાડ નરેશ મહારાણા જયસિંહ પાસેથી કર વસૂલ કરવો જોઈએ. કારણ કે હિન્દુઓના શિરોમણિ છે, ત્યારબાદ હું તો છું જ. પરંતુ યાદ રાખો કીડી અને મકોડાને સતાવવામાં કોઈ જ બહાદુરી નથી.

જો કે શિવાજી મહારાજ સ્વરાજ્યના પ્રથમ પ્રણેતા હતા. જેથી મારી ઈચ્છા છે કે તેમની અશ્વારોહી પ્રતિમા સંસદ ભવનના પ્રાંગણમાં સ્થાપિત કરવામાં આવે જેના તેઓ અધિકારી છે. શિવાજી મહારાજને તેમની તે સમયની પ્રજા પ્રેમથી 'જાણતા રાજા' એટલે કે જનતાના રાજા કહેતી હતી. વાસ્તવમાં એ આ માટીમાંથી પેદા થયેલા જનતાના રાજા હતા.

એમણે રાજમુગટને માટીમાંથી ઉઠાવી પોતાના મસ્તક ઉપર ધારણ કર્યો હતો. આવા જનતાના રાજા શિવાજી મહારાજને હું હાર્દિક નમન કરું છું. તથા મારા શબ્દોને વિરામ આપું છું.

અનુસ્નાતક ગુજરાતી વિભાગ
સ.પ.યુનિ.,વલ્લભ વિદ્યાનગર (મો) ૯૪૨૯૪ ૧૫૩૬૧

## ।। વિદ્યાવૃત્ત ।।

**સી.વી.એમ.હાયર સેકન્ડરી, હોમ સાયન્સમાં ૪૩ મો વાર્ષિક રમતોત્સવ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત, સીવી.એમ.હાયર સેકન્ડરી, ગૃહ વિજ્ઞાન (વ્યવસાયલક્ષી પ્રવાહ)ના ૪૩ મા વાર્ષિક રમતોત્સવનું આયોજન તા.૨૭-૧૨-૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. આર.પી.ટી.પી.સ્કૂલના શારીરિક શિક્ષણના પ્રશિક્ષકશ્રી બલવંત બી. ગામીતે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને જીવનની દરેક પરિસ્થિતિમાં ખેલદિલી રાખવી અને વિદ્યાર્થી જીવનમાં રમતોનું મહત્ત્વ પર ભાર આપી આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાના આચાર્યા શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની સ્પોર્ટ્સ સેક્રેટરી કુમારી મારવાડી સાક્ષીએ વિદ્યાર્થિનીઓને શપથ લેવડાવ્યા હતા. શાળાના સ્પોર્ટ્સ ઈન્ચાર્જ શ્રી અનિલભાઈ પ્રજાપતિએ કાર્યક્રમના અંતમાં આભારવિધિ કરી રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

॥ વિશેષ ॥

## વિશ્વ માતૃભાષા દિવસ

ઈશ્વરભાઈ વાઘેલા

માતૃભાષા એટલે જન્મ થયો હોય તે પ્રદેશ, સમાજ, કુટુંબ અને માતા-પિતા તરફથી વારસામાં મળેલી ભાષા. બાળક જે ભાષામાં હસ્યું, રડ્યું, જે ભાષાનો પ્રથમ શબ્દ તેના કાને પડ્યો અને દરરોજ તે ભાષાના શબ્દો સાંભળીને તેણે પ્રથમ શબ્દ ઉચ્ચાર્યો, કાલું-ઘેલું બોલતાં બોલતાં શબ્દભંડોળ વધતાં વાક્યમાં પોતાની વાત-લાગણી જે ભાષામાં વ્યક્ત કરવા લાગ્યું તે તેની માતૃભાષા. માતૃભાષા એટલે સ્વયં શીખાતી ભાષા.

૧૭ નવેમ્બર ૧૯૯૯ માં યુનેસ્કોએ માતૃભાષા દિવસ ઉજવવાની સ્વીકૃતિ આપી હતી. ૨૧ ફેબ્રુઆરી-૨૦૦૦થી દર વર્ષે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૨૧ ફેબ્રુઆરીનો દિવસ નક્કી કરવા પાછળ બાંગ્લાદેશમાં બનેલી ઘટનાને ધ્યાનમાં લેવામાં આવી છે. ૨૧ માર્ચ-૧૯૪૮ના દિવસે મહંમદઅલી ઝીણાએ પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનની રાષ્ટ્રીય ભાષા બંધારણીય ભાષા ઉર્દૂ રહેશે તેવી જાહેરાત કરી હતી. સરકારી પત્રો-પરિપત્રો ઉર્દૂ કે અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતાં. પ્રધાનમંત્રી ખ્વાજા નિઝુમુદ્દીને પુનઃરાજભાષા ઉર્દૂ રહેશે તેવું કહ્યું આથી પૂર્વ પાકિસ્તાન (હાલ-બાંગ્લાદેશ)માં ૫૬% લોકોની માતૃભાષા બંગાળી હોવાથી તેઓએ આ જાહેરાતનો વિરોધ કર્યો હતો. ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ (બંગાળી કેલેન્ડર મુજબ ૮ ફાલ્ગુન ૧૩૫૯) ના રોજ ઢાકામાં વિરોધ પ્રદર્શન કરવા રેલીનું આયોજન કરેલ. જેની સામે પોલીસ અને સેનાએ કરફ્યુ લાદેલો. આંદોલનને કચડી નાખવાનો હુકમ સરકારે કરેલો. હજારો લોકોની ધરપકડ થઈ. લાઠીચાર્જમાં હજારો લોકો ઘવાયા. ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર પાકિસ્તાની સેના અને ઢાકા પોલીસે ગોળીઓ છોડી. જેમાં અબુલ બરકાત, રફીકુદ્દીન અહમદ, સફ્લુર રહેમાન અને અબ્દુલ જબ્લર એમ ચાર વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા હતા. પૂર્વ પાકિસ્તાનના વિરોધ પ્રદર્શનોને કારણે ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ થી પૂર્વ પાકિસ્તાનમાં બંગાળી ભાષાને માન્યતા આપવામાં આવી હતી. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન ભારતની સહાયથી પશ્ચિમ પાકિસ્તાન સાથેના યુદ્ધમાં વિજય મેળવી બાંગ્લાદેશ તરીકે નવો દેશ બનેલો છે. બાંગ્લાદેશે તેમની માતૃભાષાના આંદોલનની યાદમાં યુનેસ્કોને ૨૧ ફેબ્રુઆરી માતૃભાષા દિવસ ઉજવવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો. જેને ભારત, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, શ્રીલંકા, રશિયા, મલેશિયા, સાઉદી અરબ, બેનિન, લહાઝા, ફિલિપિન્સ, પેરાગુઆ, ડોમિનિકન ગણરાજ્ય, ચિલી, ઝામ્બિયા, કોમોરોલ, ઓમાન, ઈટાલી વગેરે દેશોએ ટેકો આપ્યો હતો. જેથી યુનેસ્કોએ ૨૧મી ફેબ્રુઆરીના દિવસને માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું.

**હેતુઓ**: (૧) દુનિયાની વિવિધ સંસ્કૃતિઓમાં જીવતા લોકો પોતાની સંસ્કૃતિ વિશે પોતાના લોકો અને અન્ય લોકો સાથે સંવાદ અને સંપર્ક સાધવા માટે, તેને સમજવા માટે, દરેક સમાજની મૂર્ત કે અમૂર્ત ધરોહરને જીવંત રાખવા માટેનું સક્ષમ સાધન માતૃભાષા છે તેમ સમજીને માતૃભાષાને મહત્ત્વ આપે તે જરૂરી છે.

(૨) ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવા (૩) બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા (૪) દુનિયાની ૭૦૦૦ થી વધુ ભાષાઓમાંથી અડધી ભાષાઓ લુપ્ત થવાની તૈયારીમાં છે, ત્યારે જે ભાષા લઘુમતીમાં છે તેને સંરક્ષણ આપવા માતૃભાષા દિવસ ઉજવવામાં આવે છે.

**માતૃભાષાનું મહત્ત્વ :** માતૃભાષા એટલે માતાએ શીખવેલી, મા પાસેથી મળેલી ભાષા. જે ધરતી પર જન્મ્યા ત્યાંથી મળેલી ભાષા. વ્યકિતના શ્વાસ શરૂ થાય ત્યારથી મળેલી અને શ્વાસ પૂરા થાય ત્યાં સુધી સાથે રહેનારી ભાષા. જેમ જીવન માટે શ્વાસ જરૂરી

છે. તેમ જીવન જીવવા માટે, જીવનના શ્વાસ ચાલુ રાખવા માટે માતૃભાષા જરૂરી છે. વ્યકિતનો પ્રત્યાયન વ્યવહાર, વાચન, કથન, શ્રવણ, લેખન માતૃભાષામાં સરળ, સહજ, સ્વાભાવિક, સાનુકૂળ અને ક્ષમતાલક્ષી રીતે થાય છે. વ્યકિતનો હ્દયભાવ, લાગણી, ઈચ્છા-અનિચ્છા, આકાંક્ષા વ્યક્ત કરવામાં માતૃભાષા જ ઉપયોગી બને છે. તેથી જ રવીન્દ્રનાથ ટાગોરે કહે છે કે, માતૃભાષા વિના આનંદ નથી, અભિવ્યકિત નથી. ખરેખર માતૃભાષા તો માણસના માંહ્યલાની માવજત કરનારી, હ્દયની ભાષા છે. જેમ સ્ત્રીના સર્વે સ્વરૂપોમાં માતાનું સ્વરૂપ અનોખું છે. તેમ સર્વે ભાષાઓમાં માતૃભાષાનું સ્થાન પણ અનોખું છે. માની સરખામણી બીજા સાથે થઈ શકતી નથી તેમ માતૃભાષાની સરખામણી પણ બીજી ભાષા સાથે થઈ શકે નહીં.

વ્યક્તિની આવડત, કોઠાસૂઝ, પ્રતિભા, સૂઝબૂઝ , વિકસાવવામાં-પોષવામાં માતૃભાષાનો ફાળો વિશેષ છે. માતૃભાષા સંસ્કારોનું સિંચન કરે છે. માતૃભાષા માણસને માભોમ સાથે તેના પગ રાખીને માતૃસંસ્કાર, માતૃઅસ્મિતા અને માતૃજીવનશૈલીમાં ખોડાયેલો રાખે છે. વ્યક્તિનો સંસ્કાર-વારસો માતૃભાષા જ છે. માભોમની ગૌરવવંતી પરંપરાઓ અને સંસ્કૃતિની ઓળખાણ કરાવીને માનવનો આત્મવિશ્વાસ વધારે છે. એટલે જ ભાટિયા અને ભાટિયા તેમના પુસ્તક 'ધ પ્રિન્સિપલ એન્ડ મેથડ ઓફ ટીચિંગ'માં લખે છે કે, માતૃભાષા એટલે પોતાના લોકોના મૂલ્યો, વિચારો, અભિપ્રાયો કે જે સામાજિક શિક્ષણથી ઘડાયેલા છે, તેના વારસાનો પરિચય આપતી ભાષા. ખરેખર માણસની હાથવગી, હૈયાવગી, શ્વાસવગી, હેતવગી, હાશદાયક, માતૃભાષા જ તેને આકાશને આંબવાની તાકાત આપે છે. તેના વિના માણસ પાંગળો બની જાય છે. આઈઝેક બાસેવિક સિંગટ (પીડિશ ભાષાના યહુદી લેખક) કહે છે કે, મને મારી માતૃભાષા બરાબર આવડે છે, તેમાં જ હું આખોને આખો ઠલવાઈ જઈ શકું છું. કારણ કે તે માટી રગેરગમાં વહેલી, મારા રક્તમાં ભળી ગયેલી, મારા શ્વાસમાં, સરકતી ભાષા છે. ફિલિપાઈન્સના ગાંધી જોશ રીઝાલ કહે છે કે, "હું મારી માતૃભાષાને જ પ્રેમ કરું છું. કારણ કે મારે ગંધાતી માછલી કરતાંય ખરાબ બનવું નથી. મારે તો મ્હેંકતા રહેવું છે. અને તે મારી માતૃભાષા વિના થઈ શકે તેમ નથી. કારણ હું તો આ ધરતી પર આવ્યો ત્યારથી તેને સાંભળતો આવ્યો, પ્રથમ અક્ષર-શબ્દ બોલ્યો તે પણ તેમાં, ભણ્યો તે પણ તેમાં અને આજે જે કાંઈ છું તે તેને કારણે જ."

આમ માતૃભાષા જ જીવનને વિક્સતું, મ્હેકતું, સરકતું, શ્વસતું, સુખતું, જુગતું, રટતું રાખનારી ભાષા છે. ત્યારે વ્યક્તિના શ્વાસની સાથે જ અને શ્વાસ ચાલે ત્યાં સુધી સાથે રહેનારી માતૃભાષાને તરછોડવી એટલે ગૌરવ ઈચ્છતી માને તરછોડી તેમ કહેવાય. માને ન તરછોડાય તેમ માતૃભાષાને પણ ન તરછોડાય.

વર્તમાનકાળે અંગ્રેજી માધ્યમમાં બાળકને શિક્ષણ આપવાનો મોહ વધતો જાય છે. ત્યારે ઉપરોક્ત વિચારોને જે સમજે તે પોતાનો મોહ છોડશે અને માતૃભાષામાં જ બાળકને શિક્ષણ અપાવશે. પરદેશી ભાષાના ભૂતને વળગશે નહીં. કારણ કે માતૃભાષામાં શિક્ષણ મેળવીને સફળતાના શિખરો સર કર્યા હોય તેવા વિદ્વાનો, મહાપુરુષો, ડોક્ટરો, એન્જિનીયરો, ઉદ્યોગપતિઓ ભારતમાં જ નહીં વિશ્વના સર્વ દેશોમાં વ્યાપ્ત છે. ઈઝરાયેલ આપણા કરતાં વિજ્ઞાનમાં આગળ છે. આપણા કરતાં દશગણા નોબેલ પુરસ્કાર મેળવ્યા છે, કારણ કે ત્યાં માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે. ચીનમાં પણ માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે.જાપાન-જર્મનીમાં થયેલા સર્વેક્ષણો જણાવે છે કે, માતૃભાષામાં અભ્યાસ કરનારની સ્ટ્રેસ કેપેસિટી અને ગ્રાસ્પિંગ પાવર વધારે હોય છે.

બાળકના ઘરમાં સ્વજનો મા-બાપ, ભાઈ-બહેન, કાકા-કાકી, ફોઈ, મામા, માસી જો માતૃભાષા


ISSN 0976-9609

બોલતા હોય, સમજતા હોય, શેરી-ફળિયું, સોસાયટીમાં રહેતા સર્વે માતૃભાષામાં જ વ્યવહાર કરતા હોય ત્યારે બાળકને પરદેશી ભાષામાં-માધ્યમમાં ભણાવવું તે બાળકને ગોખણિયું બનાવવા તરફના પગરવ છે. કારણ તેને શબ્દો, વાકયો અને ફકરાના ફકરા ગોખવા પડશે. અને તેનું શિક્ષણ સમજ વિનાનું બની રહેશે. માટે તેને માતૃભાષા માધ્યમમાં જ શિક્ષણ અપાવીને બીજી પરદેશી ભાષા શીખવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં જ ફાયદો છે. અંગ્રેજી અને બીજી ભાષાઓ શીખવવી પણ તે ભારરૂપ ન બને તે માટે માધ્યમ તો માતૃભાષા જ રાખવી જોઈએ. દુનિયાને જાણવા અન્ય ભાષાઓનો ઉપયોગ કરવો પડે પણ દુનિયાને સમજવા-સમજાવવા માતૃભાષા જ સાથ આપે તેમ છે. અન્ય ભાષા પાંખ બની રહેશે, આંખ નહીં. ત્યારે માતૃભાષામાં જ શિક્ષણ અપાય, તેનું સન્માન થાય, તેનું ગૌરવ વધારાય તે જ આપણો ધર્મ-ફરજ છે. ધર્મ છોડે તેનું કર્મ અવળે માર્ગે જાય એટલે ધર્મને ન છોડો. આપણી માતૃભાષાને વળગી રહેવું જોઈએ. માતૃભાષા થકી ઓજસ્વી પ્રજાજીવન ઘડાય, તેજસ્વી ગુજરાત બની શકે.

**ઉજવણી કેવી રીતે** ?

માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી વિવિધ કાર્યક્રમો યોજીને કરવી જોઈએ જેમાં...

- 'સર્વાંગી વિકાસનું માધ્યમ માતૃભાષા' - પરિસંવાદ યોજો.
- ગુજરાતી સાહિત્ય-પરિચય-પ્રદર્શન ભરો.
- 'શિક્ષણનું માધ્યમ માતૃભાષા અને ઉત્તમ અંગ્રેજી'-કેન્દ્રમાં રાખી વાલી સંમેલન રાખી શકાય.
- ધંધાકીય સાઈનબોર્ડ-ગુજરાતીમાં અભિયાન ચલાવો.
- માતૃભાષામાં શિક્ષણ મેળવી મહાન બનેલા વ્યક્તિઓની મુલાકાત ગોઠવી શકાય.
- માતૃભાષાનું મહત્ત્વ સંદર્ભે સભા-સરઘસ રાખી શકાય.
- માતા-માતૃભાષા-માતૃભૂમિના માહાત્મ્ય સંદર્ભે માતૃસંમેલન રાખવું.
- વિદ્વાનોના પ્રવચનો ગોઠવવા.

આપણે સૌ કિશન રાડિયા અને દલપતરામને અનુસરીએ.

"લાગણીના જળ વડે મર્દન કરું છું.
શબ્દો કાગળ પર ઘસી ચંદન કરું છું.
બે ગઝલ, બે ગીતોનાં પુષ્પો ચડાવી,
માતૃભાષાને પ્રથમ વંદન કરું છું." - કિશન રાડિયા

"આવ ગિરા ગુજરાતની તને,
અતિ શોભિત શણગાર સજાવું,
જણની પાસ વખાણ કરાવું,
ગુણીજનમાં તુજ કીર્તિ ગજાવું."

આપણે માતૃભાષાને માન આપી તેની કીર્તિ ચોતરફ ફેલાવવાના સંકલ્પ લઈ માતૃભાષા ગૌરવ દિન ઉજવીએ અને સંકલ્પ પાળતા રહીએ. જય માતૃભાષા.

૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભ વિદ્યાનગર, (મો) ૭૭૭૮૦ ૬૯૨૩૫

## ।। વિદ્યાવૃત્ત ।।

**સી.વી.એમ.હાયર સેકન્ડરી, હોમસાયન્સમાં મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત-સીવીએમ હાયર સેકન્ડરી, હોમ સાયન્સ શાળામાં તા. ૯-૧-૨૦૨૪ને ગુરુવારના રોજ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. બાકરોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ડો. હાર્દિક ગઢવી તથા તેમના સ્ટાફ દ્વારા ધોરણ ૧૧ તથા ૧૨ની વિદ્યાર્થિનીઓની પ્રાથમિક ચકાસણી જેવી કે આંખની તપાસ, એનીમિક વગેરે તપાસ કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યા શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ અનિલકુમાર પ્રજાપતિએ કર્યું હતું.

**।। સાંપ્રત ।।**

## મણિપુરમાં 'વિશ્વગ્રામ'ની શાંતિ-સદ્ભાવની પહેલ

**ડંકેશ ઓઝા**

પૂર્વોત્તરની સાત બહેનો અને આઠમું સિક્કિમ ભલે દેશનો ભાગ છે, પણ ભાવાત્મક એકતા કંઈ પમાતી નથી. કાશ્મિર માટે ૩૭૦ મી કલમ હતી ત્યારે પણ અને રદ્દ કર્યા પછી પણ દેશ સાથેની એકતા બીજા રાજ્યો સાથે જેવી અનુભવાય છે, તેવું અહીં થતું નથી. સરદારે મારી-મચડીને, દબાવી-ફોસલાવીને એક રાષ્ટ્ર ઊભું કરવાનો જે જબરદસ્ત પ્રયાસ કર્યો તે કાબિલેદાદ મનાય છે ખરો પણ એમાંથી ભાવાત્મક સુગંધ ફોરતી નથી. ત્યાંની પ્રજાને દેશનું કલ્ચર કંઇક અલગ લાગે છે. આપણે પણ પ્રવાસનની રીતે, અવનવું નિહાળવાની રીતે, નવાં સ્થળોની શોધમાં ત્યાં પહોંચી જઈએ છીએ પણ કોણ જાણે કેમ એકત્વ અનુભવાતું નથી.

પૂર્વોત્તરની પ્રજા બહુ જુદી છે. તેમની સંસ્કૃતિ અલગ લાગે છે. રહેણી-કરણી અને મિજાજ પણ સમાન્તર ભાસે છે. જ્ઞાતિ-કોમનું વિભાજન તો આખા દેશમાં છે. આ પ્રદેશમાં આદિમ જૂથો અને વંશીય ભેદભાવ જોવા મળે છે. તેવું આપણે આપણા આદિવાસીઓ સાથે પણ અનુભવતા નથી. બન્ને પક્ષે આવન-જાવન અને વ્યવહારનું પ્રમાણ જોઈએ તેટલું નથી. ભૌગોલિક દૂરતા અને સાંસ્કૃતિક અલગતા બહુ મોટો ભાગ ભજવે છે. જે પ્રવાસીઓ આ પ્રદેશોમાં આંટો મારી આવ્યા છે. એમને એનો અનુભવ સહજપણે થયો જ હોય છે. આ તફાવત શ્વેત-અશ્વેત જેવો પ્રગટ અને બોલકો ન હોવા છતાં અનુભવાયા વિના રહેતો નથી.

આ ભૂમિકા લેવાનું કારણ મણિપુર છે. થોડા લાખ લોકોની વસતિ ધરાવતું નાનકડું રાજ્ય આજે લાંબા સમયથી એવી તો હિંસા, અસલામતી અને અશાંતિનો અનુભવ કરી રહ્યું છે, જેને આપણે દુઃસ્વપ્નની જેમ ટાળવા મથી રહ્યા છીએ. ભારતનું એક રાજ્ય છે. આપણું છે, આપણી પ્રજા છે, આપણી જવાબદારી છે, એ બધાથી આપણે કંઈક હટીને વર્તી રહ્યા હોઈએ એવું કમનસીબ વાસ્તવ છે. રાજ્ય ગૃહયુદ્ધમાં સપડાયું છે. મૈતેઈ અને કૂકી બે પ્રજાઓ એકબીજાના લોહી માટે તરસી બની છે. આપણે એ તીવ્રતામાં કોઈ ઘટાડો લાવી શકતા નથી. જેટલી ચર્ચા રશિયા-યુક્રેન, ઈઝરાયેલ-પેલેસ્ટાઈનની કરીએ છીએ એટલી મણિપુરની કરતા નથી.

કાશ્મિર સાથેના વ્યવહારમાં જે રુકાવટો હતી એવું તો મણિપુરની બાબતમાં છે જ નહિ. તો પછી, શું કારણ છે કે ભારત સરકાર અને ભારતની આમ પ્રજાએ મણિપુર સમસ્યાથી મોઢું ફેરવી લીધું છે ? લશ્કર ચૂંટાયેલી સરકારની મદદમાં છે છતાં શાંતિ અતિશય દૂરની બાબત બની ગઈ છે. મૈતેઈ અને કૂકી વચ્ચે બહોળી સંખ્યામાં પ્રેમલગ્નો થતાં રહેતાં હતાં ત્યાં એકાએક અદાલતના એક ચુકાદાથી પલિતો ચંપાયો હોવાનું સાર્વત્રિક વલણ છે. હુંસાતુંસી અને હરીફાઈ કદાચ પાયામાં છે. મૈતેઈઓ અનામત લઈ જશે અને અમારી જમીનો પચાવી પાડશે, એવું કૂકીઓને લાગે છે. મૈતેઈઓને એમ લાગે છે કે કૂકીઓ પાસે જમીનના અબાધિત અધિકારો છે અને અફીણની ખેતીને કારણે સમૃદ્ધિ છે તે આપણને ક્યારે મળશે? આવાં આર્થિક અને ભૌતિક કારણો ખરેખર સમસ્યાના મૂળમાં હશે કે બીજું કઈ કારણ હશે એ આપણને સમજાતું નથી !

જમણેરી વલણો ધરાવતી સરકારો કદાચ બે બાબતો પર ભાર મૂકે છે. કે હિન્દુ અને ખ્રિસ્તી તફાવત કારણભૂત છે. જેને કારણે ધાર્મિક ચડસાચડસી છે. સરહદ પારના પાડોશી દેશોની આ બાબતે ઉશ્કેરણી, સહાય અને ઘૂસપેઠ પણ છે. આવી બધી વાતો મણિપુર વિશેના જે કંઈ લખાણો વાંચવા મળે છે, તેમાંથી ઊભી થતી જણાય છે.

અશાંતિનો વિકલ્પ શાંતિ છે. શાંતિ માટે


ISSN 0976-9609

સહકાર, સદ્‌ભાવ અને મલમપટ્ટાની જરૂર હોય છે. અશાંતિના માહોલમાં સત્યની શોધ આદરવાને બદલે હિંસા અને ઉશ્કેરાટ શાંત પડે એ પ્રાથમિકતા હોવી જોઈએ. દેશમાં શાંતિવાદી પરિબળો અને સંગઠનો કંઇ ઓછાં નથી. મોટાભાગના એમાં કૂદી પડવા તૈયાર નથી. પ્રયાસ માટે હિંમત અને ધીરજ બેની ખૂબ જરૂર હોય છે. તત્કાળ પરિણામ ભલે ન દેખાય છતાં મહોબ્બતનો પયગામ પહોંચાડવાની જરૂર છે.

ગાંધીનો માર્ગ અહિંસા અને શાંતિનો છે. ચીલાચાલુ એટલે કે જાણીતા માર્ગે પરિણામ નથી મળતાં ત્યારે છેલ્લા ઉપાય તરીકે એનો નંબર લાગતો હોય છે. પક્ષાપક્ષીથી પર રહીને માત્ર ને માત્ર માનવીય સંવેદનાને આગળ કરીને એ પ્રજાને, પ્રજાના બન્ને જૂથોને, વહાલથી ભેટવાની જરૂર છે. સંજય-તુલાના વિશ્વગ્રામે આ પડકાર ઉપાડ્યો છે.

બંધારણીય કટોકટીની રીતે લોકપ્રિય સરકાર એટલે કે ચૂંટાયેલી પાંખ નિષ્ફળ રહી છે ત્યારે રાષ્ટ્રપતિ શાસન લાદીને કેન્દ્ર સરકારે સીધી જવાબદારી કેમ સ્વીકારી નથી એ તો વણઉકેલ્યો કોયડો છે. શાંતિવાદી પરિબળોને માટે ખુલ્લે આમ પ્રયત્ન કરવા દરવાજા ખોલી નાખવાનું વલણ પણ દેખાતું નથી. આપમેળે આગમાં કૂદી પડનારા કે પાણીની ડોલ લઈને મર્યાદિત પ્રયાસ કરનારા પણ ભાગ્યે જ દષ્ટિગોચર થાય છે. દેશના એક ખૂણે કંઈક બળ્યા જ કરતું હોય એવું કંઈક બની રહ્યું છે. કોઈને પોતાની ભૂમિકા ચોક્કસપણે ન અનુભવાતી હોય, ન સમજાતી હોય, એવું પણ બનવા સંભવ છે.

વિશ્વગ્રામ મૈતેઈઓની છાવણીમાં એક ટીમ લઈને માનવીય સંવેદનાના ધોરણે તદ્દન પ્રાથમિક કામગીરી કરી આવ્યું. હવે બીજી ટીમ કૂકીઓના રાહત કેમ્પ તરફ ગઈ છે. બાળકોને આનંદિત કરવાં, મોટાંને આઘાતમાંથી બહાર લાવવા અને અનિવાર્ય એવી પ્રાથમિક તબીબી સારવાર પૂરી પાડવી જેવાં કામો સ્વખર્ચે ગયેલા વિશ્વગ્રામના સ્વયંસેવકો કરે છે. સંજયે ગુજરાતમાંથી આ પ્રયાસોમાં વ્યાપક સહયોગ મેળવવા વિવિધ જૂથોને આ બાબતે વાકેફ કરવાનું અને સંવેદના ઊભી કરવાનું કામ શરૂ કર્યું છે. પાયાની વાત એ છે કે સમસ્યાના ઉકેલમાં પડવાને બદલે માનવીય ધોરણે આપણાથી થાય તેટલું કરી છૂટવું. કપરાકાળમાં આપણે છટકી નહોતા ગયા એવું જાતને આશ્વાસન આપી શકીએ. એટલું કરવામાં તો બાકાત ન રહેવું. હવે, ગુજરાતની સંવેદનશીલ પ્રજાએ એનો પડઘો પાડવાનો રહે છે.

૬, સ્વાગત સીટી, મુ.પો. અડાલજ-૩૮૨૪૨૧,
(મો) ૯૭૨૫૦૨૮૨૭૪

## ।। વિદ્યાવૃત ।।

## એમ.યુ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલમાં ગીતા જયંતિની ઉજવણી

એમ.યુ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલમાં આચાર્ય હસિતભાઈ પાઠકના માર્ગદર્શન હેઠળ ગીતા જયંતિની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભવન્સ કોલેજ, ડાકોરના ભૂતપૂર્વ આચાર્ય તથા સંસ્કૃત વિષયના અધ્યાપકશ્રી આઈ.કે.પાઠક ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તથા શાળા પરિવારના મિત્રો દ્વારા શ્રી ભગવદ્‌ગીતાના પૂજન સાથે કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થી નિકુંજ પટેલે ગીતાનો મહિમા તથા સોહમ પરમારે ગીતાના શ્લોકનું ગાન કર્યું હતું. મુખ્ય મહેમાનશ્રીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં, પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓ સમજી શકે તેમ સરળ શબ્દોમાં ગીતાના બૃહદ જ્ઞાનનો સાર સમજાવતાં, દરરોજ ગીતાના શ્લોકનું પઠન કરવા અનુરોધ કર્યો હતો. શાળાના શિક્ષક શ્રી ડાહ્યાભાઈએ આભારવિધિ તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ઈન્દિરાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## ।। વાર્તા ।।

## ચાંદલો

**યોગેશ પંડ્યા**

હા, હતા, એકવાર મારું સર્વસ્વ અને મારું અસ્તિત્વ એ જ તો હતાં ! જેની સાથે ચોરીના ચાર ફેરા ફરીને મેં જેને પરમેશ્વર માનીને મારાં તનમન સોંપ્યા પણ એમણે તો મારી પૂજાને ક્યારેય સ્વીકારી જ નહોતી ને ? સતત અપમાન અને અવહેલના...

એ કોઈને ત્યાં આખી રાતનો મીઠો ઉજાગરો કરતા અને હું રડતી આંખે જાગરણ !!! તમને ખબર છે કે મારા દિવસો અને રાત્રીઓ કઈ રીતે વીતતા હતા ?

મોબાઈલમાં એટલું ટાઈપ કર્યું ત્યાં જ આંખો ભરાઈ આવી.

પણ દિયરે લખ્યું હતું. હું જાણું છું ભાભી કે તમને ખૂબ અન્યાય થયો છે. એ કયા ખારાપાટના રસ્તે ચડી ગયા એ જ મને તો હજી આશ્ચર્ય થાય છે ! સાથોસાથ દુઃખ પણ થાય છે. હું તમારી પીડા સમજું છું, અને તમનેય સમજું છું. ભાભી, હું કોલેજ કરતો હતો ને તમે પરણીને આવ્યા પછી, થોડાક દિવસો પછી મારી કોલેજમાં ગોઠવાયેલા કુલુ-મનાલીના પ્રવાસ માટેની ફી ન તો મને પપ્પાએ આપી હતી, કે ન તો મોટાભાઈએ ! ત્યારે, પગે લાગણના જે કંઈ તમારી પાસે પૈસા આવેલા એ સઘળી રકમ તમે મને આપી દીધેલી અને કહેલું કે, જઈ આવો, પછી નહીં જવાય. સાચુ કહું છું. મેં તમારી આંખોમાં એક મા પણ જોયેલી અને એક બહેન પણ ! ખરેખર તો કુલુ-મનાલી તમારે જવાનું હોય એને બદલે તમે મને મોકલી આપ્યો. પછી તો પાછળથી ખબર પડી હતી કે એ પૈસા તો તમે માઉન્ટ આબુ ફરવા જવા માટે ભેગા કરી રાખ્યા હતા.

બાકી મોટાભાઈના પગારમાં તો કૂળદેવીના દર્શન કરવા માટે કચ્છમાં જવા માટેય ક્યાં પૈસા હતા ? પણ પછી નોકરીમાં ઘણી તરક્કી કરી અને પગાર પણ સારાં થયાં પણ, એ પૈસા...

કાગળમાં લખીને ફોટો પાડીને દિયરે મોકલ્યો હતો. એણે એ ફોટાને સ્ક્રોલ કરી દીધો અને ગુજરાતી અક્ષરો પર ટેરવાં બોલ્યાં. "પૈસા તો ગણી ગણીને જ વાપરતી હતી છતાં રોજેરોજ ઠપકાં અને ડારાં ? આટલા બધા પૈસા કયાં વપરાઈ જાય છે. ? તમને હું શું કહું ?" સાત હજારની પગારની મામૂલી રકમમાંથી બારસો રૂપિયા તો રૂમ-રસોડાના ભાડામાં જતા રહેતાં પાછળ બે અઢી હજારનું કરિયાણું, દૂધ, શાકભાજી, ભોલું અને બબલુની બાળમંદિર અને સ્કૂલની ફી ! પછી પાછળ વધે શું ?

એકવાર મેં એમને પૂછયું હતું કે પરણીને આવી ત્યારે પાંચ હજાર પગાર હતો. દર વરસે માંડ અઢી હજાર વધ્યો. પણ... પણ... પગારની સાચી રકમ તો હું ક્યાં જાણતી જ હતી ? એ તો જાણતી હતી અનિતા... ! ખબર નહોતી કે પગારનો ચોથો ભાગ જ મારી પાસે આવે છે. ત્રણ ભાગનો તો અનિતા...

મને તો આશ્ચર્ય થયું હતું ભાભી, કે હવે તો ભગવાને વેળા વાળી હતી. તમે પરણીને આવ્યા ત્યારની તો વાત જ અલગ હતી. એક તો પપ્પાની નોકરીનો કોર્ટ કેસ ચાલે એટલે એમની તો કોઈ આવક જ નહીં. ઘરમાં હું, અમિત અને નીરૂ ત્રણેય ભણીએ. મોટાભાઈનો ટૂંકો પગાર હતો અને એક પગારમાં સાત જણાનું પૂરું કરવાનું હતું. પણ, મને એ પણ ખ્યાલ છે કે, લગ્ન કરીને તમે આવ્યા. ત્યારે આપણે એકનો એક રૂમ હતો. તમે અઠવાડિયું દસ દિવસ જ એમાં સૂતા હશો, અને શિયાળાની ઠંડીને લીધે બાપુજીના શ્વાસનું દરદ વકરી જતા તમે ઘરની પાછળ એક કંતાન અને ખાતરની થેલીઓ સીવીને ઝૂંપડી જેવું બનાવીને મોટાભાઈને પણ ત્યાં જ સૂવા માટે મનાવી લીધેલા અને બાપુજીની તબિયતને


ISSN 0976-9609

કારણે જ તમે એ તમારો ઓરડો છોડી દીધેલો.

નીરૂને આ બાબત જરાય ગમી નહોતી અને આ બાબતે તમારો પક્ષ લીધો હતો અને બાને ઘણું બધું કહી દીધેલું ત્યારે નીરૂને પણ તમે સમજાવી દીધેલી. એ વાત અમે ભૂલ્યા જ નથી. અને કદાચ એટલે જ બાપુજીના આશીર્વાદને કારણે મોટાભાઈને કંપનીએ પગારવધારો કરી આપ્યો. તમે પણ ઘરમાં કરકસર કરીને અમારા ભણતરના ખર્ચા એડજસ્ટ કર્યા. અમારી લાયકાત મુજબ અમને નોકરીઓ મળી ગઈ, પણ નીરૂને તો તમે નાની બહેનની જેમ જ વિદાય કરી.

ભાભી, આ પાંચ વર્ષ તમારી સાથે રહ્યાં પછી અમે પણ પાંખો આવતા નોકરીને લીધે ઊડી ગયા પણ, ધીમે ધીમે મોટાભાઈને પ્રમોશન મળતા ગયા એ વાત જાણીને ખૂબ રાજી થતાં. પણ એકવાર તમારા ઘેર આવ્યો ત્યારે તમારી, બાળકોની અને ઘરની હાલત જોઈ બહુ આઘાત લાગ્યો. તમારું જીવનધોરણ જોઈ ખૂબ અનુકંપા થઈ. મોટાભાઈને તો હવે રાજના રાજ છે એવું ધાર્યુ હતું પણ... પણ.... પણ...

"હા, ભાઈ" એ મેસેજ ટાઈપ કરવા લાગી. ધાર્યુ તો મેં ય કાંઈક જુદું હતું અને અણધાર્યું જ બની ગયું બધું ! સોનુ જાણીને એનો સંગ કર્યો પણ મારા કરમે કથીર નીકળ્યું એ હું નહોતી જાણતી ! જ્યાં સુધી મને ખબર નહોતી ત્યાં સુધી તો એમની ખૂબ દયા આવતી. ટૂંકો પગાર અને પરસેવાથી નીચોવાઈ જતું એમનું શરીર ! સાચું કહું તો મેં નોકરી બદલાવી નાખવા ઘણીવાર સમજાવેલા પણ એમના નકારની પછવાડે શું હતું એ હું ક્યાં જાણતી હતી ? પછી તો મેં પણ કહેલું કે, બાળકો પાંચ-આઠ વર્ષના થઈ ગયા છે. એકલા રહી શકે એમ છે. પાડોશી પણ સારા છે. કલાક બે કલાક સચવાશે પણ મને નોકરી કરવા દો. આંગણવાડીમાં તેડાગર તરીકે જગ્યા ખાલી છે. તો મારી ઉપર ખીજાઈ ગયા. હું ચૂપ થઈ ગઈ. પણ નાઈટ ડયૂટી અને ઓવરટાઈમના બહાના નીચે મારાથી સતત દૂર રહેવા લાગ્યા.

એમના મને તો હું માત્ર કામવાળી જ હતી. પણ એક દિવસ ? એ ધ્રુજી ગઈ. એક દિવસ એક નિશાની મારા હાથમાં આવી. મેં એમને સહજભાવે પૂછ્યું તો તેઓ ગુસ્સે થઈ ગયા. મને આઘાત તો લાગ્યો. અંદર કૈંક ખૂંચ્યું. કંઈક અણધાર્યું બની રહ્યું છે. એવું મને લાગ્યું રહેતું.

ભાભી, ગુનેગાર તો કદાચ હુંય પણ તમારો એટલો જ છું. કેમ કે તમારી એકદમ સાધારણ પરિસ્થિતિ અને તમે કઈ રીતે ઘર ચલાવો છો એ જાણીને મને દુઃખ થયું. હું તમને પૂછું અને તમને દુઃખ લાગે એના કરતા મને બસ સ્ટેન્ડે મૂકવા આવેલા મારા મોટાભાઈને જે મેં પૂછ્યું કે, હવે પગાર સારો છે. અમારી પણ કોઈ જવાબદારી નથી, તો તમે ઘરનું ઘર કેમ નથી લઈ લેતા ? બેંક લોન આપે છે, બાળકો પણ ફાટેલાં-તૂટેલાં કપડાં પહેરતાં હતાં અને મારા ભાભીની તો બિચારાની એ જ હાલત ! એ જ મેલાઘેલો સાડલો અને એવી જ હડિયાપાટી મોટાભાઈ ? આટલી બધી આવક છે તો પછી..

એમણે મને લોન ચાલે છે. એવી વાત કરેલી પણ હું વાતને માનતો ન હતો.

પણ મારો જ ફ્રેન્ડ એમની પેઢીની બીજી શાખામાં નોકરી કરતો હતો. એને મેં પૂછ્યું તો એણે જે હકીકત કહી સંભળાવી. હું માન્યામાં નહોતું આવતું કે મોટાભાઈ ? હું સન્ન રહી ગયો.

આટલું વાંચતા વાંચતા તો એ આખે આખી ભરાઈ આવી. એને ભૂતકાળના દિવસો યાદ આવી ગયા. જીવનમાં પહેલો જ પુરુષ અવિનાશ !

સવારની શણગારી રાખેલી માએ કહ્યું હતું કે, ના ન પાડતી અમદાવાદની સારામાં સારી મફતલાલ ગુણવંતની પેઢીમાં નોકરી કરે છે. તારે બૈ, અમદાવાદ રહેવાનું ને જલસા કરવાના ! બાકી તો

રાજપર, સુખવદર અને પીથલપરમાંય છોકરાવ છે પણ એકને પાનનો ગલ્લો છે, બીજો બ્રાહ્મણિયું કરે છે અને ત્રીજો ટપાલી છે ! એમાં શું પડવાનું બૈ ?

ગામડાની ધૂળ ખાઈખાઈને વહેલી ડોશી બની જઈશ. એની કરતા અમદાવાદની બજારૂમાં રાજરાણી બનીને ફરીશ. તારા બાપાના માસીયાઈ ભાઈ હસમુખભાઈના વળમાં જ છે. ના પાડીશ, તો અમદાવાદ જેવું ઠેકાણું પછી કયારેય હાથમાં નહીં આવે અને ઉપરથી હસમુખભાઈ સાથે આપણો સંબંધ કપાઈ જશે. હજી તારાથી નાની ઢબૂને કયાંક નાખવી જોશેને ? અને ટીંડોરા જેવા તારા નાના ભાઈઓ પણ છે અને તું એ બધાનો વિચાર કરજે. કહે છે કે એ છોકરાને બે ભાઈયું ને એક બેન છે. પણ કેટલા દિ ? બે વરસ, પાંચ વરસ ? પછી તો ડોહાનો બૂપકો ને ડોહીની તિજોરીની ચાવી તારી પાસે જ રહેવાની ને ? થોડોક રેહ તો ખમવો પડશે. બાકી, સોનાનાં માટલા ને રૂપાના બુઝારા છે.

હા...તેણે વિશ્વાસ નાખ્યો. સોનું હતું પણ પિત્તળના વાસણોને કલઈ કરીને રાખે એવું ! થોડું ખોતરો તો અસલ રંગ જડી જ જાય ! એટલે જ થોડું ખોતર્યું. કૈંક અલગ જોવા મળ્યું. પછી તો થોડું વધુ ખોતર્યું. હૃદયમાં કૈંક અજૂગતુ બની રહ્યાની શંકા તો હતી જ. દેખતી આંખે જોતી તો લાગતું કે બારતેર વરસ પહેલા જોયેલો હતો એ જ પુરુષ છે આ ? પણ આંખો બંધ કરતી તો લાગતું કે ના ? આ એ નથી, કશુંક બદલાઈ ગયું છે.

પહેલા તો મારી પાસે બેસીને મીઠી મીઠી વાતો કરતો. ખોળામાં માથું નાખીને તેલ નખાવતો. મારી ઉપરની 'ના'ની અંદરની 'હા' પારખી જતો એ પ્રેમી પતિ ? કે જેને મારા જવાબની રાહ નહોતી જોવી પડતી. ખાલી મારી આંખોના ભાવને પારખી શકતો. પ્રેમી પતિની આંખોને પારખવા મારી પાસે દૃષ્ટિ જ ક્યાં હતી ? જે હતી એ તો ખાલી ડોળાં હતા. એનાથી તો અવળું-સવળું દેખાય. આડું-અવળું થોડું દેખાવાનું હતું ?

સતત વલખાટભર્યું મારું તનમન ચાંગળૂક પાણી પીવા તરસતું પણ મારી પ્યાસ ક્યાં બુઝાય એમ હતી ? એ ખોબો તો બીજા માટે હતો !

મારે માટે તો એમાંથી એક ટીપું પણ નહીં. આખરે ગંધ આવવા લાગી. કૈંક તો જ છે. અને પછી ખોતરી નાખ્યું.: 'હા, છે..' બોલ શું કરી લઈશ તું ?

એ રાત્રે ખૂબ રડી.

શું કરી લેવાની હતી હું ?

મારાથી કંઈ પણ થાય એમ તો નહોતું. બાળકો પણ નાના હતા.

હું ઓશીકા ભીના કરતી રહી અને એક દિવસ એમણે બાર પાનાનું ખત કાઢીને કહ્યું, 'સહી કરી દે આમાં... !'

હવે તો ખાલી સહી જ કરી દેવાની હતી ને ? કોઈને પૂછવા તો જવાનું નહોતું. અને સહી કરું કે ના કરું. મારું સ્થાન તો ત્યાં જ હતું જે છેલ્લા ઘણાંય વરસોથી હતું.

છેલ્લા પાંચ વરસથી હું જે પલંગ પર સૂતી હતી ત્યાં એમના પગલાંની આહટ સંભળાઈ નહોતી કે નહોતો કદિ મારા માથા ઉપર થયેલો તેમનો સ્પર્શ ! હું તો સૂકાઈ ગયેલી નદી જ હતી, તો પછી એની ઉપર બંધ બાંધી જ દેવાનો હોય તો આખરે શું થઈ જવાનું હતું ? પાણી તો કદિ ત્યાં આવવાનું જ નહોતું. નદી મટીને બંજર જમીન બની જવાની હતી.

છૂટા કરી દીધા. પણ પછી કહ્યું બાળકો નહીં આપું...

એમણે મોઘમ સ્મિત કર્યું હતું. હા, એ પણ વળગેલી લંગર જ હતી ને ? બોલ્યાઃ એ નહીં છીનવી લઉ તારી પાસેથી બસ ? પ્રોમિસ ??

 ISSN 0976-9609

તો પછી અમથુંય શું હતું મારી પાસે છીનવવા જેવું ?

જે કંઈ હતું એ તો ઘણાં સમયથી છીનવાઈ ગયું હતું.

હવે તો ખાલી ફોર્માલિટી પૂરી કરવાની હતી !

પણ દુઃખ એ વાતનું થાય છે કે, મને છુટ્ટી કર્યા પછી મારી પાસે કોઈ ન આવ્યું દિલાસો આપવા ! ખૂબ રાહ જોઈ હતી. પરણીને આવી ત્યારે બે દિયર અને એક નણંદ હતા પણ ત્રણેયમાંથી કોઈ કદીપણ નો આવ્યા કે ભાભી શું કરે છે ? બાળકોનું શું થયું ? હું ખાલી એમને જ પરણી નહોતી પણ ઘરને પરણી હતી...

આટલું લખ્યા પછી તય બંધાયો હવે એનાથી રહી જ ના શકાયું. છુટ્ટે મ્હોં એ રડી પડી. હાડોહાડ ધ્રુસકા વહેવા લાગ્યાં.

દિયરે લખ્યું હતુંઃ ભાભી, જેટલા એ તમારા ગુન્હેગાર છે એટલા અમે ત્રણેય ભાઈ-બહેન પણ છીએ. પણ પાટા તો અમારી આંખોએય બંધાયેલા હતા. તમે પારકાં હતા પણ અમારા બાપનાં લોહીના વારસા જેવા અમારા બન્ને ભત્રીજા કયાં પારકાં હતાં? કેવા ઠેબાં ખાધા હશે ? કેટલા દુઃખ અને દરદ વેઠ્યા હશે ? એ તો કલ્પના કરું છું ત્યાં રડી પડાય છે અને અમે અભાગિયા સગ્ગા કાકા ઊઠીને એમના મોઢા જોવા ય ન આવી શક્યા ?

ભાભી, લ્યાનત છે અમારા જીવતરને. ડૂબી મરવાનું મન થાય છે હવે કોણ રોકતું હતું અમને ? કોઈ નહીં. પણ અમે જ આભડછેટ રાખી સગ્ગા ભત્રીજાઓને મળવા ! કે જેની મા પરણીને આવી ત્યારે ત્યારે બન્ને દિયરને સગા દીકરાથી વિશેષ રાખ્યા અને અમે...? "બે હાથ જોડીને માફી માગીએ છીએ ભાભી માફ કરો..."

"માફી આપવા હેસિયત તો તમારી ભાભીની છે જ નહીં. બે હાથ ઊઠ્યા તો આશીર્વાદ આપવાની કે તમને મન, વચનને કર્મથી નાના વીર માન્યા હશે તો ભાભીના આશીર્વાદ ફળજો અને સુખી થજો."

એણે ટાઈપ કર્યું : હવે કાંઈ બાકી રહેતું નથી. "આટલું જ છે મારી પાસે..."

"ના, ભાભી.... એકવાર આવી જાવ. ફોન કરીને તો તમારી સાથે વાત કરવાની હિંમત જ નહોતી ચાલતી એટલે તો સ્કૂલના પ્રિન્સિપાલ નીતાબેન પાસેથી તમારો વોટસઅપ નંબર મેળવ્યો ને એમાંય હાથે લખેલા પત્રનો ફોટો પાડીને મોકલું છું. કહેવાનું એટલું જ કે ફટકિયા હોય એ મોતી ન કહેવાય. સાચાં મોતી તો એક માનસરોવર અને એક માનસરોવરમાં જ પાકે છે ! એણે જ્યાં સુધી ફોલાય એટલું ફોલી લીધું અને પોતાનાં ઘર અને બેન્ક બેલેન્સ ભરતી ગઈ અને જેવી આવક બંધ થઈ એટલે ધક્કો મારી દીધો ! ધક્કો માર્યો ને પછડાટ ખાધો ત્યારે એમને સત્ય સમજાયું કે દૂધ અને પાણીમાં, કંચન અને કથીરમાં, સોના અને પિત્તળમાં શું ફેર હોય છે ? પણ મોડું થઈ ગયું હતું ખૂબ ?

ભાભી, જેને અગ્નિની સાક્ષીએ ધરમ પત્ની માની હતી એને તો કદિ અડધું અંગ માન્યું જ ક્યાં હતું ? જેને પોતાનું અંગ માન્યું હતું એ તો દુકાનની અંદર સાડી ઓઢાડીને રાખેલું શો-પીસ હતું ! એને તો રોજ વસ્ત્રો બદલાવવાના હોય એમ જ, પેલીએ વસ્ત્ર બદલી નાખ્યું. અને ત્યારે સાચી ખબર પડી કે, વસ્ત્ર અને ઉપવસ્ત્રમાં શું ફેર હોય છે ?!!

'ભાભી... આમ તો આમ 'ભાભી' સંબોધન પણ ક્યા સંબંધે કરું ? હા, જે દિવસે પરણીને આવેલા ત્યારે અમારા ભાભી હતા પણ તમે ભાભીને બદલે મા બનીને ઊભા રહ્યા હતા અને દીકરો બનીને આરદા કરું છું કે,

હવે ઝાઝો ટાઈમ નથી, કેન્સર છેલ્લા સ્ટેજે

પહોંચી ગયું છે. ડોક્ટરે કહી દીધું છે. બહુ લાંબુ નહીં ખેંચે. પણ એમની લુખ્ખી સુખ્ખી આંખોમાં, તમને જોવાની જિજીવિષા ટળવળે છે. બોલતા નથી પણ, તમારું નામ પડે ત્યાં આંખોમાંથી ટપટપ કરતા આંસુ ટપકી પડે છે. મને કહે છે કે, એકવાર બોલાવ. મારે એના પગ પકડીને માફી માગવી છે !

હવે એની માફી માગ્યા વગરનો જઈશ તો ભૂત બનીને ઝાડવે ઝાડવે ભટક્યા કરીશ. પણ જો એની માફી મળી જશે તો ભવભવની ભાવટ ભાંગી જશે ! તો..., ભાભીમાં, બે હાથ જોડીને વિનંતી કરું છું કે, પહેલી ને છેલ્લી વાર... બસ એક વાર, એક વાર...

દિયર માનો કે દીકરો તમારો જ પ્રકાશ.

એ તાકતી જ રહી ગઈ.

અંદર બહાર બધું ઉલેચાઈને બહાર આવવા લાગ્યું.

શું કરૂં ? શું હતું ? શું પામી ? શું મેળવ્યું?... ખાલી... આંગળીને વેઢે ગણાય એટલી ક્ષણો જ ને ?

ના, ના, ના... એ તાંતણો તો હવે તૂટી ગયો છે અને તૂટી ગયેલા, સિતારના તાર ફરી વખત ક્યાં સંધાય છે ?

ના, માફ કરવાની તો મારી એવી કઈ હેસિયત ? પણ હવે રહેવા દો, ના.. "પણ આટલું લખ્યાં પછી એક પછી એક,... એકસામટી ભેખડો તૂટી પડીઃ" પણ હવે મારો દિયર કહે છે તો ... "એના મોઢાનું, બાકી-"

મગજ સન્ન. અંદર સઘળું ખાલી થઈ ગયું ! નકરો શૂન્યાવકાશ.

"બેન... ઓ બેન..." સામે જ ઊભું ઊભું કોઈ ક્યારનું સાદ પાડતું હતું. કળ વળી તો સૂરતા આવી. આંખો ઊંચી કરીને જોયું તો દરરોજ શેરીમાં આવતો કટલેરીનો લારીવાળો હતો. કહેતો હતો "બહેન ઓ બહેન." ચાંદલાના પેકેટ આવી ગયા છે. "હો... બહેન.."

અને એ, બસ, એમ જ... અવશપણે પૂછી બેઠીઃ 'લાલ કલરના છે ?'

---

૧૪૧-શિવનગર, તળાજા રોડ,
ભાવનગર-૩૬૪૦૦૨, ગુજરાત
(મો) ૯૩૭૭૧૧૪૮૯૨, ૯૨૬૫૦૬૮૫૨૭

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

### ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ-૨૦૨૪

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, એમ.યુ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલમાં આચાર્યશ્રી રસિતભાઈ પાઠકના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી ખિનિતભાઈ માછી દ્વારા વાર્ષિક રમતોત્સવ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે ટી.વી.પટેલ હાઈસ્કૂલના આચાર્યશ્રી વિજયભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા હતા, જેઓએ રમતોત્સવ ખુલ્લો મૂકતાં જ વિદ્યાર્થીઓને જીવનમાં રમતોનું મહત્ત્વ સમજાવતા શારીરિક સ્વસ્થતા કેળવવા સૂચવ્યું હતું. રમતોત્સવમાં ૧૦૦ અને ૨૦૦ મીટર દોડ, વિઘ્ન દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ગોળાફેંક, ચક્રફેંક, ખુરશી, દોરડા ખેંચ જેવી વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. રમતોમાં પંચમિત્રો તથા શાળાના શિક્ષકશ્રીઓ દ્વારા કામગીરી બજાવવામાં આવી હતી.

## SARDAR PATEL RENEWABLE ENERGY RESEARCH INSTITUTE (SPRERI)

**Dr. Anilkumar Dubey**

Sardar Patel Renewable Energy Research Institute (SPRERI) stands as a distinguished research and development organization, renowned both nationally and internationally for its significant contributions to the field of renewable energy. Founded on January 27th, 1979, by the visionary leaders Late Dr. H.M. Patel and Late Mr. Nanunhai Amin, the institute has evolved into a key player in advancing renewable energy research. SPRERI stands as a pioneering institute at the forefront of conducting research in Renewable Energy Technologies, dedicated to offering sustainable energy solutions for everyday life. With a profound awareness of the environmental, economic, and social ramifications of climate change, our researchers are committed to advancing renewable energy-based research in a manner that promotes sustainability, resulting in minimized environmental impact and reduced carbon emissions. Our focus extends to the development and commercialization of technologies. Technologies based on solar, biogas and gasification have been demonstrated on field and these innovations have been successfully implemented and are currently in use, providing tangible benefits to the beneficiaries. Through our endeavours, we aim to contribute meaningfully to the mitigation of climate change impacts while promoting a cleaner and more sustainable energy future. In light of these principles, the institute is working with the following Vision and Mission:

### VISION

SPRERI will be an organization that will develop environment friendly Renewable Energy Technologies that are efficient and economically viable for society.

### MISSION

To achieve excellence in research, development and commercial deployment of renewable energy technologies including education and training for the promotion of environmentally sustainable technologies with public-private cooperation for India and developing global economies.

### OUR ACCREDIATIONS

Acknowledged as a scientific and industrial research organization by esteemed entities such as the Department of Scientific and Industrial Research (DSIR), Bureau of Indian Standards (BIS), and the National Accreditation Board for Testing and Calibration Laboratories (NABL), SPRERI holds a prominent position in the scientific community. Furthermore, its empanelment with the Tata Institute

of Social Sciences (TISS) reflects its commitment to interdisciplinary collaboration and broader societal impact. The Institute is finacially supported by ICAR, DBT, DST and MNRE Govt of India and also by Department of Energy and Petro- chemicals, GSBTM, GEDA, and GUJCOST of Govt of Gujrat.



Fluidized Bed Gasification at
Poha Industry(100kg/h)



Biogas plant installed at Karamsad
(3.5Tonnes per day)

**THE STRUCTURE** :

The Institute has four divisions namely Solar Energy Division, Bio chemical Conversion Division, Thermo-chemical Conversion Division and Technology Transfer and Extension Division.

**Solar Energy Division**: focuses on design, development and refinement of solar energy devices like, dryers air heaters, stills, cookers, water heaters, solar refrigeration system, solar greenhouse, and standalone power generation systems based on solar thermal technologies.

**Bio-chemical Conversion Division**: studies on anaerobic fermen tation; development, evaluation and refinement of technology for efficient bio-conversion of solid biomass and agro processing waste into biogas, bio methanol and bioethanol and high value products like nano biocomposits, microcrystalline cellulose, sorbitol etc. The division is also working on micro algae for advanced biofuels, bio lubricants, CO2 capturing, effluent treatment and green hydrogen to support net-zero policy of country.

**Thermo-chemical Conversion Division**: is engaged in the research and development of advanced biomass gasification systems, fast pyrolyzer for the production of value-added chemicals, biochar, and bio oils. The division also focuses on green electricity generation, and green steam for small and medium industries for low carbon footprint in their produce/ process. The R&D activity are also undertaken for value addition to surplus biomass by torrefactions & densifi-

cations to produce pellets and briquettes as an alternative to coal and other petroleum fuels.

**Technology Transfer and Extension Division**: SPRERI actively promotes renewable energy technologies through field demonstrations, training programs, and entrepreneurship development initiatives by the division. The division also utilizes the CSR fund of associated industries by implementing Renewable Energy Technologies to improve the life of weaker sections and creating an eco-friendly working environment. Additionally, the institute contributes to societal welfare through awareness programs and integrated development projects focused on rural villages.



**Awreness on Renewable Energy Technologies**

## OPEN HOUSE – THE FLAGSHIP EVENT

SPRERI organises its flagship event called 'Open House' every year, the primary objective of this event is to provide a platform for displaying the cutting-edge technologies developed at SPRERI. Last year it was organised on January 24th and 25th, 2023. The event witnessed the gracious presence of distinguished guests, with Shri Meenesh Shah, Chairman of the National Dairy Development Board (NDDB), as the Chief Guest. and Er. Shree Bhikhubhai B. Patel, Chairman of Charutar Vidya Mandal (CVM), honoured the event as the Guest of Honour. The Open House served as a comprehensive platform for attendees to gain insights into the innovative technologies pioneered by SPRERI. It not only displayed the institute's achievements but also facilitated valuable interactions and discussions among experts, researchers, and stakeholders in the renewable energy domain. The event's success and the participation of eminent personalities reaffirm SPRERI's position as a leading institution in advancing sustainable and impactful solutions in the field of renewable energy.



**Inauguration of Open House by H'able Er Bhikubhai Chairman, CVM**

**SERVICES OFFERED BY THE INSTITUTE** :

All the divisions are well-equipped with the research facilities and infrastructure to take up consultancy projects to meet the requirements of the industries and society. We conduct tests as per BIS norms of solar systems and cook stoves. In addition, we provide consultancies for installations of different types of biogas plants (e.g., Up-flow Anaerobic Filter (UAF), Bi-phasic, Solid-state thermophilic, Bubble gun-based etc.), solar dryers, solar cold-storage, biomass gasification (Fluidized bed gasification and Down-draft gasification), pyrolysis and torrefaction systems depending on the requirements. We also facilitate in-house research for PhD and post-graduate students of engineering and technology.

**OUR ACCOMPLISHMENTS**

At present, the institute has more than 32 technologies ready for dissemination to industries, rural areas, and others, with 5 patents and 315 research publications. SPRERI aims' to continue to multiply these numbers to be a beacon of innovation, sustain ability, and positive societal impact in the realm of renewable energy research.

Director
Sardar Patel Renewable Energy
Research Institute

**|| વિદ્યાવૃત્ત ||**

**ગો. જો. શારદા મંદિરના અમૃત મહોત્સવ અંતગર્ત ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું.:** ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત વલ્લભ વિદ્યાનગરની એકમાત્ર કન્યાશાળા એટલે ગોવિંદભાઈ જોરાભાઈ પટેલ શારદા મંદિરના અમૃત પર્વની ઉજવણીના ભાગ રૂપે યોજાયેલ શાળાની સ્થાપનાથી માંડી અત્યાર સુધી શાળામાં શિક્ષણ મેળવી ચૂકેલા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની એક ગોષ્ટી-સ્નેહમિલનનું ચારૂતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ બી. પટેલ, મંત્રી ડો.એસ.જી.પટેલ, જી.બી. એમના ચંદનબેન બી. પટેલ, સીવીએમના પ્રાથમિક વિભાગના વડા જીગીશાબેન શાહ, સુપરવાઈઝર કેતનાબેન પરમાર વગેરે મહાનુભાવોએ મંગલ દીપ પ્રાગટ્ય કરીને પ્રારંભ કરાવ્યો હતો.

ભીખુભાઈ બી. પટેલ અધ્યક્ષ સ્થાનેથી પ્રાસંગિક વક્તવ્ય આપીને શાળાનું નામ રોશન કરનાર તથા શાળા પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના પૂર્વ વિદ્યાર્થી એવા ભારતના ટેલીકોમ્યુનિકેશન સેકટરના પ્રણેતા સામ પિત્રોડાએ અમૃત પર્વ અંતગર્ત વિડીયો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. ડો.એસ.જી. પટેલ, ચંદનબેન બી. પટેલ, ડો.હેમંતભાઈ અંતાણીએ શાળાને પોતાના સ્મરણો યાદ કરીને શાળા વધુ પ્રગતિના શિખરો સર કરે તેવી આશા વ્યકત કરી અમૃત પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપરાંત પૂર્વ વિદ્યાર્થીઓ પોતાના શાળાના સ્મરણો વાગોળ્યા હતા.

આ પ્રસંગે મહાનુભાવોએ શાળાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનાં સંસ્મરણોને પ્રકાશિત પુસ્તક અમૃતપર્વ સ્મરણિકાનું વિમોચન કરીને નિવૃત્ત કર્મચારીઓનું શાલ ઓઢાડી સ્મૃતિ ભેટ આપીને સન્માન કર્યુ હતું. શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ, નિવૃત્ત કર્મચારીઓએ શાળાના ઋણ સ્વીકાર સ્વરૂપે દાન અર્પણ કર્યુ હતું.

શાળાની વિદ્યાર્થીનીઓએ અભિનય ગાન, દ્વિવાડાન્સ, ટીપણી, રાજસ્થાની નૃત્ય, યોગા નૃત્ય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા. આ પ્રસંગે આમંત્રિતો, શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ, નિવૃત કર્મચારીઓ, શાળાની વિદ્યાર્થીનીઓ, શાળા પરીવાર સભ્યો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા મેઘનાબેન દેસાઈ, કેતનાબેન પરમાર સહીત શાળા પરીવારે ભારે જહેમત ઉઠાવી હતી.


ISSN 0976-9609

## ।। વિદ્યાવૃત્ત ।।

**શૈક્ષણિક શ્રેષ્ઠતા પુરસ્કાર સમારોહ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત માધ્યમિક શાળા એમ.યુ.પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ, ગો.જો.શારદામંદિર, આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA) આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ, (SFI) વી. એન્ડ સી. પટેલ ઈંગ્લિંશ સ્કૂલ તથા એસ.ડી.દેસાઈ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે ધો.૧૦ ની માર્ચ-૨૦૨૩ બોર્ડની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કારિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને શ્રી એન્જિનિયર ભીખુભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળ-ના પ્રમુખ, મુખ્ય મહેમાનના સ્થાને ડો.એસ.જી.પટેલ ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી તથા શ્રીમતી વિનોદિનીબેન પ્રાથમિક શાળાઓના માર્ગદર્શક તેમજ તમામ શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, વિદ્યાર્થીમિત્રો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મહેમાનશ્રીઓના વરદ્ હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મહેમાનશ્રીઓએ પોતાના આશીર્વચન પાઠવતા વિદ્યાર્થીઓને પોતાની જાતને ઓળખી, સમયનું સુ-આયોજન કરી જીવનમાં આગળ વધી સફળતા પ્રાપ્ત કરવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એમ.યુ.પટેલના આચાર્યશ્રી હસિતભાઈ પાઠકના માર્ગદર્શન હેઠળ એમ.યુ.પટેલના પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

**સી ઝેડ પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ,ન્યૂ વલ્લભ વિદ્યાનગર** :

સીવીએમ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સ, મેનેજમેન્ટ એન્ડ લો સંલગ્ન સી ઝેડ પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે કોલેજનો "૨૧મો વાર્ષિકોત્સવ" તા.૯મી જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના, અધ્યક્ષપદે ચારુતર વિદ્યામંડળના ચેરમેન અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જિનીયર શ્રી ભીખુભાઈ પટેલ સાહેબ, મુખ્ય અતિથિપદે શ્રી ભરત પટેલ-ચેરમેન એશિયન અમેરિકન હોટલ ઓનર્સ અસોસિએશન (AAHOA), યુ.એસ.એ., ગેસ્ટ ઓફ રેવરન્સના સ્થાને કોલેજના દાતા શ્રી એમ. ઝેડ.પટેલ સાહેબે સ્થાન શોભાવ્યું હતું. કાર્યક્રમમાં, એશિયન અમેરિકન હોટલ ઓનર્સ અસોસિએશનના (AAHOA)ના વિવિધ પદાધિકારીઓ સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સીવીએમ યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો.હિમાંશુ સોની, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર શ્રી અગ્નેશ્વરી અઢિયા તેમજ સીવીએમ યુનિવર્સિટીની વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓ સવિશેષ હાજર રહ્યા હતા.

કોલેજના ડિરેક્ટર ડો. હેમંત ત્રિવેદીએ શાબ્દિક સંબોધન સાથે સૌને આવકારતા આમંત્રિત મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. કોલેજના કા.આચાર્ય શ્રી ડો. પ્રીતિ લુહાણાએ કોલેજનો વર્ષ ૨૦૨૩-૨૪મો શૈક્ષણિક અહેવાલ રજૂ કર્યો હતો. વિદ્યાર્થી-મધ્યસ્થ સમિતિના વાઈસ પ્રેસિડેન્ટ પ્રા.નવીન રાયે સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

પ્રાસંગિક પ્રવચન આપતા કાર્યક્રમના ચીફ ગેસ્ટ શ્રી ભરત પટેલે વિદ્યાર્થીઓને આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણના મહત્ત્વને સમજાવ્યું હતું. તેમજ ગેસ્ટ ઓફ રેવરન્સના સ્થાનેથી શ્રી એમ.ઝેડ.પટેલે તેમના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે હોટેલ અને ટુરીઝમ ઇન્ડસ્ટ્રીઝમાં કારકિર્દીની ઉજ્જ્વળ કારકિર્દીની તકો રહેલી છે, તેના વિષે માહિતી આપી વૈશ્વિક સ્તરે કારકિર્દી માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે શૈક્ષણિક તેમજ વિવિધ પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સ્મૃતિભેટ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓએ તેમના ત્રણ વર્ષના અનુભવ રજૂ કર્યા હતા.

વાર્ષિકોત્સવના પ્રમુખ ચારુતર વિદ્યામંડળના ચેરમેન એન્જિનીયર શ્રી ભીખુભાઈ પટેલ સાહેબે કોલેજની શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિઓને બિરદાવતા વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભાવિ કારકિર્દી માટેની શુભેચ્છાઓ આપી હતી.

ચારુતર વિદ્યામંડળના પ્રેસિડેન્ટ શ્રી પ્રયાસ્વીન પટેલ, વાઈસ-પ્રેસિડેન્ટ શ્રી મનીષભાઈ પટેલ, માનદ મંત્રી શ્રી ડૉ.એસ.જી.પટેલ, માનદ સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલ, માનદ સહમંત્રી શ્રી વિશાલ પટેલ અને માનદ સહમંત્રી શ્રી રમેશભાઈ તલાટી સૌએ કોલેજ પરિવાર તેમજ વિદ્યાર્થીઓને વાર્ષિકોત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના જનરલ સેક્રેટરી શ્રી વ્રજ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઇન્ટર-નેશનલ કોન્ફરન્સ "વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૩: ક્રિએટિંગ સસ્ટેનેબલ કરીઅર"નો પ્રારંભ.**: ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જિનીયર ભીખુભાઇ પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે પ્લેટિનમ જ્યુબિલી સેલિબ્રેશનના ભાગ રૂપે ઇન્ટરનેશનલ કોન્ફરન્સ "વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૩ ક્રિએટિંગ સસ્ટેનેબલ કરીઅર"નો પ્રારંભ કરવામાં આવ્યો.

અધ્યક્ષસ્થાને એન્જિનીયર ભીખુભાઈ પટેલ (અધ્યક્ષ, ચારુતર વિદ્યામંડળ તથા પ્રેસિડેન્ટ, સીવીએમ યુનિવર્સિટી), મુખ્ય અતિથિ તરીકે, પ્રો.સરોજ શર્મા (ચેરપર્સન, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ઼ ઓપન સ્કૂલિંગ, મિનિસ્ટ્રી ઓફ઼ એજ્યુકેશન, ભારત સરકાર), ડૉ.રાજુલ ગજ્જર (વાઇસ ચાન્સેલર, ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી), શ્રી વિપુલભાઈ પટેલ (ચેરમેન, અમૂલ, આણંદ), શ્રીમતી નાગા મંજુષા (સાયન્ટિસ્ટ એન્જિનીયર, ISRO), ડૉ. નિરંજન પટેલ (વાઇસ ચાન્સેલર, સરદાર પટેલ યુનિવર્સિટી), ડૉ. હિમાંશુ સોની (પ્રોવોસ્ટ, સીવીએમ યુનિવર્સિટી), ડૉ. ઈંદ્રજિત એન. પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ), પ્રો.પ્રદીપભાઈ પટેલ (માનદમંત્રી,બીવીએમ એલ્મની એસોસિએશન), ડૉ.તૃપ્તિ દેસાઈ (કન્વિનર, ICWSTICSC-૨૩) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ.આકાર રોઘેલિયા તથા વિદ્યાર્થીઓએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સૌનું અભિવાદન કરતા જણાવ્યું હતું કે અખંડ ભારતના લોખંડી પુરુષ તથા ભારતરત્ન એવા શ્રી સરદાર પટેલની ભૂમિ પર ચારુતર વિદ્યામંડળની નિશ્રામાં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય એ સરદાર સાહેબના યુથ ડેવલપમેન્ટના વિઝન તથા બીવીએમના મુદ્રાલેખ "વર્ક ઇઝ વર્શિપ" પર તથા બીવીએમના વિઝન "પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઇનોવેટિવ એન્જિનીયર્સ વિથ કોર વેલ્યુઝ" પર સતત પ્રયત્નશીલ છે. રાજ્યની પ્રથમ સ્થપાયેલ સંસ્થા, પ્રથમ ઓટોનોમસ એન્જિ. કોલેજ તથા પ્રથમ નેક એક્રેડિયેટેડ એન્જિ કોલેજ બીવીએમ ખાતે વર્લ્ડ બેન્ક પ્રોજેક્ટે TEQIP-II તથા TEQIP-III નું સફ઼ળ ઇમ્પ્લિમેન્ટેશન થયેલ છે. વલ્લભ વિદ્યાનગરની વિકાસની હરણફ઼ાળ તથા ચારુતર વિદ્યામંડળ દ્વારા ઇન્સ્ટિટ્યૂટશનલ ડેવલપમેન્ટમાં જેમનો સિંહફ઼ાળો રહેલો છે તેવા પૂજ્ય ભાઈકાકા, પૂજ્ય ભીખાભાઇ, ડૉ.એચ.એમ.પટેલ, ડૉ.સી.એલ. પટેલ અને વર્તમાન સમયમાં એન્જિનીયર ભીખુભાઇ પટેલનું સતત માર્ગદર્શન બીવીએમને મળતું રહ્યું છે. ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી-૨૦૨૩ ક્રેએટિંગ સસ્ટેનેબલ કરીઅરની ત્રીજી આવૃત્તિના લોન્ચિંગ સમયે સમગ્ર બીવીએમ તથા ચારુતર વિદ્યામંડળ હર્ષ અનુભવે છે. ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, આત્મનિર્ભર ભારતમાં મહિલાઓનું પ્રદાન વિશેષ છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ, વર્તમાન રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી


ISSN 0976-9609

મુર્મુથી લઈને કોર્પોરેટ જાયન્ટ્સ ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, એમજી મોટર્સમાં મહિલાનું પ્રદાન અનેરું છે. ડૉ.તૃપ્તિ દેસાઈએ ઇન્ટનેશનલ કોન્ફરન્સ વિષે માહિતી આપી હતી.

ડૉ.રાજુલ ગજ્જરે જણાવ્યું હતું કે વર્લ્ડ ઇકોનોમિક ફોરમના રિપોર્ટ્સ અનુસાર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં ૩૩ %, STEM એજ્યુકેશનમાં ૧૮%, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે ૨૨%,એન્જિનીયરિંગ એજ્યુકેશનમાં ૨૮% જેટલો ફાળો મહિલાઓનો રહેલો છે. પ્રોફેશનલ ફિલ્ડ્સમાં મહિલાઓના ઉત્કર્ષ માટેના અગત્યના ફેક્ટર્સમાં ઓપોર્ચ્યુનિટી, મેન્ટરશીપ, સ્ટ્રોંગ ઇનિશિએટિવ, ડાયવર્સિટી એન્ડ ઇનોવેશન, ફ્લેક્સિબિલિટીનો સમાવેશ થાય છે.

શ્રી વિપુલભાઈ પટેલે સૌને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે રાજ્યની પ્રથમ એન્જિનીયરિંગ કોલેજ બીવીએમના ૨0000 થી વધુ એન્જિનીયર્સ વિશ્વમાં દરેક ક્ષેત્રે કાર્યરત છે. અમૂલની શરૂઆત તથા ૯000થી ૧૩000 કરોડના ટર્નઓવર સુધીની અમૂલની યાત્રામાં મહિલાઓનું યોગદાન અનેરું છે. વિશ્વમાં પ્રથમ ક્રમાંકે અમૂલનો ચીઝ પ્લાન્ટ છે તથા ૧૩ જેટલા રાજ્યોમાં કાર્યક્ષમ પ્લાન્ટ ધરાવે છે. અમૂલ ડેરી તથા GCMMFના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર એન્જિનીયર બી.એમ.વ્યાસ બીવીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તે સૌ માટે ગૌરવપૂર્ણ બાબત છે.

એન્જિનીયર ભીખુભાઇ પટેલે ઇન્ટરનેશનલ કોન્ફરન્સના સફળતાપૂર્વકના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતું કે આ કોન્ફરન્સના માધ્યમથી સાયન્સ તથા ટેકનોલોજી ક્ષેત્રે મહિલા રિસર્ચને ગ્લોબલ પ્લેટફોર્મ મળી રહેશે.

પ્રો.સરોજ શર્માએ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે માં સરસ્વતી એ ૬૪ કળા તથા ૧૪ વિદ્યાઓમાં સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. વર્તમાન શિક્ષણ પ્રવાહને અનુલક્ષીને STEM એજ્યુકેશનમાં NEP (નેશનલ એજ્યુકેશન પોલિસી)નું મહત્ત્વ, યુનેસ્કો તથા UGCની ગાઈડલાઈન્સ, વર્ષ ૧૯૪૯માં રાધાક્રિષ્નન કમિશન તથા વર્ષ ૧૯૬૪માં કોઠારી કમિશનમાં વુમન એજ્યુકેશનને પ્રાધાન્ય વિષે માહિતી આપી હતી.

ઈસરોના વિજ્ઞાની શ્રીમતી નાગા મંજૂષાએ ઈસરોના ચંદ્રયાન-૨, ચંદ્રયાન-૩ તથા આદિત્ય L-૧ વિષે માહિતી આપી હતી. અંતે ડૉ.ઝંખના શાહે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

ઉપરોક્ત ઇન્ટેરનશનલ કોન્ફરન્સમાં અમેરિકા, રશિયા તથા સિંગાપોર જેવા દેશોમાંથી જે તે વિષયના તજજ્ઞો નોલેજ પૂરું પાડશે. સમગ્ર વિશ્વમાંથી ૩૫0 થી વધુ ડેલિગેટ્સે ભાગ લીધો છે તથા ૨૫0 થી વધુ રિસર્ચ પેપર્સ પ્રેઝન્ટ થવાના છે

અત્રે ઉલ્લેખનીય છે કે દરેક ટ્રેકમાં બેસ્ટ રિસર્ચ પેપરને એવોર્ડ આપવામાં આવશે તથા તજજ્ઞો દ્વારા પસંદગી પામેલા રિસર્ચ આંતરરાષ્ટ્રીય સ્તરની indexing એજન્સી જેવી કે Scopus તથા Web Of Scienceની પ્રતિષ્ઠિત જર્નલ્સમાં પ્રકાશિત કરવામાં આવશે. ઉપરોક્ત ઇન્ટરનેશનલ કોન્ફરન્સને સફળ બચાવવા માટે દરેક વિભાગીય વડાઓ, કોન્ફરન્સ કન્વિનર ડૉ.તૃપ્તિ દેસાઈ, કોન્ફરન્સ કોર્ડિનેટર ડૉ.ઝંખના શાહ તથા ડૉ.મેહફુઝા હોલીયાં, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રો.ધરીતા પટેલ તથા પ્રો. જાગૃતિ શાહ તથા કમિટી મેમ્બર્સે ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનીયર ભીખુભાઇ તથા અન્ય હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ "વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૩ ક્રિએટિંગ સસ્ટેનેબલ કરીઅર"નો સમાપન સમારોહ યોજાયો.**: ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જિનીયર ભીખુભાઇ પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય

ખાતે પ્લેટિનમ જ્યુબિલી સેલિબ્રેશનના ભાગ રૂપે ઇન્ટરનેશનલ કોન્ફરન્સ "વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૩ ક્રિએટિંગ સસ્ટેનેબલ કરીઅર"નો સમાપન સમારોહ યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ.હિમાંશુ સોની (પ્રોવોસ્ટ, સીવીએમ યુનિવર્સિટી), ડૉ.કમલપ્રીત સેગ્ગી (લેફ્ટનટ કર્નલ, ડિસ્ટ્રિક્ટ સૈનિક વેલ્ફેર એન્ડ રિસેટલમેન્ટ ઓફિસર, વડોદરા), ડૉ.ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ), કુમારી પ્રિયંકા પોરવાલ (ચીફ આર્કિટેક તથા સિનિયર મેનેજર, SAP Architect), કુમારી ગ્લેડિસ નાયર (સિનિયર મેનેજર, લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ, I-Create), ડૉ. તૃપ્તિ દેસાઈ (કન્વિનર, ICWSTICSC-૨૩), ડૉ. દર્શના ભટ્ટ (ડીન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ, બીવીએમ), ડૉ. ઝંખના શાહ (કોર્ડિનેટર, ICWSTICSC-૨૩), પ્રો.જાગૃતિ શાહ (ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી, ICWSTICSC-૨૩), પ્રો.ધરીતા પટેલ (ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી, ICWSTICSC-૨૩) ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત ઉપરોક્ત પ્રસંગે NGOના પ્રતિનિધિઓ, કોર્પોરેટ ડેલિગેટ્સ તથા એકેડેમિશિયન્સ ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન. પટેલે સૌને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ઉપરોક્ત કોન્ફરસ એ ઇન્ટનેશનલ કોન્ફરન્સ વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૩ ક્રિએટિંગ સસ્ટેનેબલ કરીઅર એ ત્રીજી આવૃત્તિ સંસ્થા બીવીએમ ખાતે સફળતાપર્વક યોજાઈ, જેમાં દેશવિદેશ ના ૩૫૦ થી વધુ ડેલિગેટ્સએ ભાગ લીધો તથા ૨૫૫ થી વધુ રિસર્ચ પેપર પ્રેઝન્ટ થયા છે. દરેક ટ્રેકમાં બેસ્ટ રિસર્ચ પેપર માટે એવોર્ડ આપવામાં આવ્યા હતા.ઇન્ટરનેશનલ કોન્ફરન્સના સંસ્થા ખાતેના સફળ આયોજન બદલ તેમણે ચારુતર વિદ્યામંડળ, બીવીએમ એલ્મની એસોસિએશન તથા સ્પોન્સરર્સનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ડૉ.હિમાંશુ સોનીએ જણાવ્યું હતું કે શિક્ષણનગરી વલ્લભ વિદ્યાનગર ખાતે બીવીએમ દ્વારા ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન એ અભિનંદનને પાત્ર છે તથા કોન્ફરન્સ દ્વારા મહિલાઓને જે તે ક્ષેત્રમાં વૈશ્વિક કક્ષાએ સંશોધન રજૂ કરવાનું પ્લેટફોર્મ બીવીએમએ આપ્યું છે.

ડૉ.કમલપ્રીત સેગ્ગીએ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે ઉપરોક્ત કોન્ફરન્સ એ વુમન એમ્પાવરમેન્ટનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તેમણે ઉપરોક્ત પ્રસંગે ઉપસ્થિત સૌ મહિલાઓને જે તે ક્ષેત્રમાં લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે શુભ આશિષ પાઠવ્યા હતા. કુમારી પ્રિયંકા પોરવાલ તથા કુમારી ગ્લેડિસ નાયરે દરેક રિસર્ચ સ્કોલર્સ તથા કોન્ફરન્સ ઓર્ગેનાઈઝીંગ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ડૉ.તૃપ્તિ દેસાઈએ સમગ્ર કોન્ફરન્સના ટેકનિકલ સેશન તથા એક્સપર્ટ ટૉક વિષે માહિતી આપી હતી. ડૉ.ઝંખના શાહે કોન્ફરન્સના ત્રણ ટ્રેક્સના વિજેતાઓના નામ ઘોષિત કર્યા હતા. અંતે પ્રો.ધરીતા પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉપરોક્ત ઇન્ટરનેશનલ કોન્ફરન્સને સફળ બનાવવા માટે દરેક વિભાગીય વડાઓ, કોન્ફરન્સ કન્વિનર ડૉ.તૃપ્તિ દેસાઈ, કોન્ફરન્સ કોર્ડિનેટર ડૉ.ઝંખના શાહ તથા ડૉ.મેહફુઝા હોલીયાં, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રો.ધરીતા પટેલ તથા પ્રો.જાગૃતિ શાહ તથા કમિટી મેમ્બર્સ, દેવ પાદરીયા (GS), હેમાંગી રાઠોડ(LR) તથા કોન્ફરન્સ સ્ટુડન્ટ ટીમે ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનીયર ભીખુભાઇ તથા અન્ય હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનીયર ભીખુભાઇ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976-9609

**સીવીએમ યુનિવર્સિટીના જ્ઞાનોત્સવમાં આઈસ્ટાર કોલેજના કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટનું ગૌરવ** : વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં પાંચ દિવસીય કાર્યક્રમ જ્ઞાનોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટ્ના વિદ્યાર્થીઓ દ્વારા વૈજ્ઞાનિક થીમ આધારિત પ્રોજેક્ટ્સ રજૂ કરાયા હતા. જે અંતર્ગત કોમ્પ્યુટર સાયન્સના ફેકલ્ટી ડો. આશિષ જોશી તેમજ વિદ્યાર્થીઓ દેવદત્ત શર્મા, અદિતિ પરમાર, નીતિન ચૌધરી, સતીશ પંચાલ, ભાવેશ પ્રજાપતિ અને શૈલેષ પ્રજાપતિએ 'સ્માર્ટ કાર પાર્કિંગ મોડેલ' વિષય પર સંશોધકીય પ્રોજેક્ટ્ રજૂ કર્યો હતો. આ પ્રોજેક્ટમાં સ્માર્ટ કાર પાર્કિંગ મોડલ એ એક અદ્યતન વાહન વ્યવસ્થાપન સોલ્યુશન છે જે પાર્કિંગ અનુભવને સુવ્યવસ્થિત કરવા અને વધારવા માટે RFID (રેડિયો-ફ્રિકવન્સી આઇડેન્ટિફિકેશન) ટેકનોલોજી અને IR (ઇન્ફ્રારેડ) સેન્સર્સનો ઉપયોગ કરે છે. કાર્યક્ષમ સ્લોટ મોનિટરિંગ અને સુરક્ષિત ચૂકવણી પદ્ધતિનો સમાવેશ કરતી વખતે આ સિસ્ટમ પાર્કિંગ સુવિધામાં વાહનોની પ્રવેશ અને બહાર નીકળવાની પ્રક્રિયાને સ્વચાલિત કરે છે. આ પ્રોજેક્ટની આગવી ખૂબીઓને આધારે કોમ્પ્યુટર સાયન્સના ફેકલ્ટી મેન્ટર ડો. આશિષ જોશી તથા તેઓની ટીમને દ્વિતીય ક્રમાંકે પારિતોષિક જાહેર કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી કક્ષાની સંશોધકીય પ્રતિયોગિતામાં ગૌરવભરી સિદ્ધિ હાંસિલ કરવા બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડો.મહેન્દ્રસિંહ રાજ અને કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા મેન્ટર ડો.આશિષ જોશી અને વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**સીવીએમયુ આયોજિત જ્ઞાનોત્સવમાં આઈસ્ટાર કોલેજ દ્વારા સંશોધકીય પ્રોજેક્ટ્સ રજૂ કરાયા**
વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં પાંચ દિવસીય કાર્યક્રમ જ્ઞાનોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસ્ટાર સંસ્થાના ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી, પોલિમર કેમિસ્ટ્રી, કોમ્પ્યુટર સાયન્સ, જીઓઇન્ફોર્મેટિક્સ તેમજ ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ (ફિઝિક્સ) ડિપાર્ટમેન્ટ્ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના પ્રોજેક્ટ્સ રજૂ કરાયા હતા. ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રીના ફેકલ્ટી જૈમિન જોશી, પાર્થ પટેલ, ખોડીદાસ ભડેરી તેમજ વિદ્યાર્થીઓ અંજલિ રબારી, ધરતી પટેલ, ડિમ્પલ ગવલી, જાનકી પંચાલ, ક્રિષ્ના મિસ્ત્રી, મિત ડોંગા, ઋત્વી પટેલ, શ્રમિક દુધાત, શુભમ વ્યાસ, યશ જેપર અને યશ રાજોડિયાએ 'ઇનોવેટિવ એપ્લિકેશન્સ ઓફ હાયડ્રોજેલ', પોલિમર કેમિસ્ટ્રીના ફેકલ્ટી કૌશલ બાવલિયા તેમજ વિદ્યાર્થીઓ નિલેશ વાલા, રુદ્રેશ ત્રિવેદી, મિત પટેલ અને પ્રિતુલ દલાલે 'પોલિમર મટીરિયલ એન્ડ એપ્લિકેશન્સ', કોમ્પ્યુટર સાયન્સના ફેકલ્ટી ડો. આશિષ જોશી તેમજ વિદ્યાર્થીઓ દેવદત્ત શર્મા, અદિતિ પરમાર, નીતિન ચૌધરી, સતીશ પંચાલ, ભાવેશ પ્રજાપતિ અને શૈલેષ પ્રજાપતિએ 'સ્માર્ટ કાર પાર્કિંગ મોડેલ', જીઓઇન્ફોર્મેટિક્સના ફેકલ્ટી ડો.કૃણાલ સુથાર તેમજ વિદ્યાર્થીઓ તીર્થા જોશી, પલક મહિડા, ચેતન વાજા અને નિમિતા જૈને 'પ્રિસાઇઝ વોટરિંગ ફોર એગ્રિકલચર અને સિટી ટ્રાફિક રોડ ઓપ્ટિમાઇઝેશન યુઝિંગ આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ એન્ડ મશીન લર્નિંગ, તેમજ ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલના ફેકલ્ટી ડો. હિમાંશુ કાપ્સે તેમજ વિદ્યાર્થીઓ વિકાસ શર્મા, ચિરાગ મહિડા અને આશિષ ઉપાધ્યાયે 'સોલાર એન્ડ RFID બેઝ્ડ સ્માર્ટ ઈ-વિહિકલ ચાર્જિંગ' જેવા આગવા વિષયો પર સંશોધકીય પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓના આગવા પ્રદર્શન અને સફળ યોગદાન માટે સંસ્થાના પ્રિન્સિપાલ ડો.એમ.એમ.રાજ અને કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા જ્ઞાનોત્સવમાં ભાગ લેનાર ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## ગો.જો.શારદા મંદિરમાં અમૃત મહોત્સવ અંતર્ગત આનંદ મેળો તેમજ શૈક્ષણિક પ્રદર્શનનું આયોજનની ઉજવણી.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદા મંદિરના સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે આનંદ મેળો તેમજ શૈક્ષણિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો.રેશ્માબેન પટેલ, નિવૃત્ત આચાર્યા રીટાબેન પટેલ તથા નિવૃત્ત ઓ.એસ. અરવિંદ પારેખ દ્વારા દીપ પ્રાગટ્ય તેમજ રીબીન કાપીને કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ વિષયોના કલાત્મક પ્રોજેકટ તથા મોડેલ અને TLM બનાવ્યા હતા. જેનું શાળાના અલગ અલગ વર્ગખંડોમાં સુંદર પ્રદર્શન યોજાયું હતું. તેમજ આનંદમેળામાં વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ ફૂડ-સ્ટોલ બનાવવામાં આવેલ જેમાં શાળાની વિદ્યાર્થીનીઓ તેમજ વાલીશ્રીઓએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યા મેઘનાબેન દેસાઈ, સુપરવાઇઝર કેતનાબેન પરમાર તથા યામિનીબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર શાળા પરિવારે કાર્યક્રમને દિપાવ્યો હતો.



## સી.વી.એમ.હાયર સેકન્ડરીમાં સ્લોગન સ્પર્ધાની ઉજવણી :

ચારુતર વિદ્યાનગર સંચાલિત સીવીએમ હાયર સેકન્ડરી હોમ સાયન્સમાં ઉત્તરાયણ નિમિત્તે સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ધો.૧૧ અને ૧૨ ની વિદ્યાર્થીનીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં ધો.૧૨માં પટેલ ઋષિકા પ્રથમ, પંડિત ઉર્વી દ્વિતીય, રાજપુત મહિમા તૃતીય, ધો.૧૧માં ઠાકોર આરતી પ્રથમ, શેખ ઈલમાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નિર્ણાયક તરીકે શ્રીમતી આશાબેન પટેલ અને શ્રીમતી નયનાબેન શર્માએ સેવા આપી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન શ્રી વિનોદભાઈ પરમારે શાળાના આચાર્ય શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.









ISSN 0976-9609

## ॥ રામોત્સવ યાત્રા ॥





ચારુતર વિદ્યામંડળ અને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી દ્વારા ભગવાન શ્રી રામની પ્રાણપ્રતિષ્ઠાના પાવન પ્રસંગે ૨૨ જાન્યુઆરીના રોજ રામોત્સવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રામભક્તિના રંગમાં રંગાયેલ યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓના આચાર્યાશ્રીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ભવ્ય યાત્રામાં સીવીએમ યુનિવર્સિના પ્રમુખશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ પ્રિ.આર.સી. તલાટી, શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. હિમાંશુ સોની તથા ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડૉ. દર્શક દેસાઈ જોડાયા હતા અને યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો.



ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રમુખશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલના વડપણ હેઠણ ઈન્ટરનેશનલ કોન્ફોરન્સ ''વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ૨૦૨૩: ક્રિએટીંગ સસ્ટેનેબલ ટેકનોલોજી'' યોજાઈ.

(વધુ વિગતો માટે વાંચો પાન નં.૨૮ – ૨૯)

**BOOK POST**
**February 2024**

**V-Vidyanagar 26 (2)**
**Published on 05/02/2024**
**No. of Pages 36 Including Cover**
**ISSN 0976 – 9609 V-Vidyanagar**

**Postal Regd. No. AND/318/2024-26**
**RNI Regd. No. Guj/2009-11/5433**
**Posted at Vallabh Vidyanagar on**
**5th of Every Month**




ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી દ્વારા વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે પાંચ દિવસીય મેગા ઈવેન્ટ જ્ઞાનોત્સવ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું. જે અંતગર્ત આઠ જેટલા વિવિધ ઝોન્સમાં પ્રદર્શની, વિવિધ સ્પર્ધાઓ, કેરિયર કાઉન્સિલિંગ, હેન્ડસ ઓન વર્કશોપ, ગમ્મત સાથે જ્ઞાન, આરોગ્ય વિજ્ઞાન, આર્ટ કલ્ચરલ ઈવેન્ટસ્, ક્વીઝ, સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સ, ફૂડ ઝોન, મૂટ કોર્ટ, સીવીએમયુ યુનાઈટેડ નેશન તથા આદિત્ય દર્શન સોલાર ઓબ્ઝર્વેશન જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, અધ્યાપકો તથા આણંદ-વિદ્યાનગરના નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ચરોતરમાંથી ૫૦,૦૦૦ જેટલા મુલાકાતીઓએ જ્ઞાનોત્સવની મુલાકાત લીધી હતી. તસવીરોમાં આ મેગા ઈવેન્ટનું ઉદ્‌ઘાટન કરતા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી, મનીષભાઈ પટેલ, સહમંત્રીશ્રીઓ પ્રિ.આર.સી. તલાટી, શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. હિમાંશુ સોની, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર અગ્નેશ્વરી અઢિયા દૃશ્યમાન થાય છે, અન્ય તસવીરોમાં વિવિધ પ્રવૃત્તિઓને રસથી માણતા વિદ્યાર્થીઓ અને નગરજનો નજરે પડે છે.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )